Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

लक्ष्मीवान् स्वीयलक्ष्मीं विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये,
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्वै सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवसतु परमैक्येन सर्वेषु सत्सु
'आत्मानन्द प्रकाशाद्' भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

पु. १८. | वीर सं. २४४६ भाद्रपद. आत्म सं. २५ | अंक २ जो

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ શ્રી પ્રભુ સ્તુતિ ... | ૩૫ | ૭ રહેવા મકાનોની તંગી ... | ૫૧ |
| ૨ ક્ષમા યાચના ... | ૩૬ | ૮ જૈન કોમમાં કેળવણી સંબંધી મારા વિચારો. ... | ૫૨ |
| ૩ દુર્જનત્વને ધિક્કાર ... | ૩૭ | ૯ પ્રતિકુળ અવસ્થામાંથી છુટવાનો અમોઘ ઉપાય ... | ૫૬ |
| ૪ જેવી ભાવના તેવી સિદ્ધિ ... | ૩૮ | ૧૦ પ્રાસંગીક સ્ફુરણ ... | ૬૨ |
| ૫ આપણે કઇ પદ્ધતિથી કામો કરવાં જોઇએ ? ... | ૪૦ | ૧૧ પ્રકીર્ણ નોંધ ... | ૬૫ |
| ૬ દિવ્ય ભાવના બળ. ... | ૪૮ | | |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભેટની બુકના વી. પી. શરૂ થયાં છે.
## સત્તરમા વર્ષની અપૂર્વ ભેટ.
# " શ્રી દેવભકિતમાળા પ્રકરણ. "

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આ વર્ષે ઉપરોક્ત ભેટની બુક આપવા માટે મુકરર થયું છે, દર વર્ષ કરતાં આ વર્ષે ત્રણ ગણી મોટી એટલે શુમારે પચીશ ફોર્મની બુક કે જેના યોજક પ્રાતઃસ્મરણીય શ્રીમાન મૂળચંદજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રીમદ્ કમળવિજયજી મહારાજના શિષ્ય પન્યાસજી શ્રીમદ્ દેવવિજયજી મહારાજ છે. તેઓ શ્રીએ આખો ગ્રંથ ઘણોજ શ્રમ લઇ ઉપકાર બુદ્ધિથી બનાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. સદરહુ ગ્રંથમાં પાંચ પ્રકરણ આપવામાં આવ્યા છે. ૧ દેવભકિત અને પ્રતિમાસિદ્ધિ, ૨ આજ્ઞાભકિત, ૩ દેવદ્રવ્ય સંરક્ષણ ભકિત, ૪ મહોત્સવ રૂપ ભકિત, અને ૫ તીર્થયાત્રા ભકિત આ પાંચ પ્રકારની ભકિતનું સ્વરૂપ સાદી અને સરલ ભાષામાં શાસ્ત્રીય અનેક આધારો સહીત ટુંકામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, કે જે અજ્ઞ જીવોને પ્રભુ ભકિત માટે ખાસ ઉપયોગી છે, ધર્મના કોઇ પણ વિષયોનું સ્ફુટ સ્વરૂપ આવી રીતે લખી પ્રસિદ્ધ કરવાથી આ કાળ માટે સમાજ માટે તે બહુજ આવશ્યક છે, આ દેવભકિતમાળા ગ્રંથ પઠન પાઠન કરવા યોગ્ય છે કે જેથી તે પ્રભુભકિત માટે એક ઉત્તમ સાધન બને છે, એટલુંજ નહીં પરંતુ શ્રદ્ધા સહિત અને જાણપણાથી થતી તે દેવભકિત મોક્ષમાં જવાને માટે એક નાવ રૂપ બને છે.

**કાગળો વિગેરે, છાપવાના તમામ સાહિત્યની હદ ઉપરાંત મોંઘવારી છતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તેજ મુજબ નિયમિત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમોએજ રાખ્યો છે.** તે અમારા સુજ્ઞ બંધુઓની ધ્યાન બ્હાર હશેજ નહિ. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાવી સુશોભિત બાઇડીંગ બનાવી પ્રકટ કરેલ છે.

દિન પ્રતિદિન આવી રીતે મોંઘવારી વધતી જતી હોવા છતાં અમારા સુજ્ઞ ગ્રાહકોને અત્યાર સુધી કાંઇપણ લવાજમ માસિકનું ન વધાર્યા છતાં ( જો કે દરેક માસિકોએ પોતાના લવાજમમાં વધારો કર્યો છે છતાં ) તેજ લવાજમથી આ માસિક અને દશ ફારમને બદલે પચીશ ફારમની બુક ભેટ આ વર્ષે આપવામાં આવે છે, અસાધારણ મોંઘવારીને લઇ માસિકનું લવાજમ વધારવા માટે પ્રથમ સુચના કરવામાં આવી હતી, પરંતુ હાલમાં સભાએ ઉદારતા દાખવી તેજ લવાજમ રાખવાનો ઠરાવ કરેલ છે.

બાર માસ થયાં ગ્રાહકો થઇ તેમાં આવતા વિવિધ લેખોનો આસ્વાદ લેનારા માનવંતા ગ્રાહકો આ ભેટની બુકનો સ્વીકાર કરી લેશેજ એમ અમોને સંપૂર્ણ ભરૂસો છે, તથાપિ **અત્યારસુધી ગ્રાહકો રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે, બીજાં બ્હાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી તરતજ અમોને લખી જણાવવું; જેથી નાહક વી. પી. નો નકામો ખર્ચ સભાને કરવો ન પડે તેમજ પોસ્ટખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહિ, તેટલી સૂચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

**ચાલતા માસની શુદ ૧૦ના રોજથી આ માસિકના માનવંતા ગ્રાહકોને સદરહુ ગ્રંથ લવાજમના પૈસાનું વી. પી. કરી મોકલવાનું શરૂ કરવામાં આવેલ છે જેથી પાછું વાળી જ્ઞાનખાતાને નુકશાન નહિ કરતાં દરેક ગ્રાહકને સ્વીકારી લેવા વિનંતિ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १८ ] वीर संवत् २४४६ भाद्रपद आत्म संवत् २५. [ अंक २ जो.

## श्री प्रभुस्तुति.

શાર્દૂલવિક્રીડિત.

ધારીને શુભ ભાવના હૃદયમાં ધ્યાવું અરિહંતને,
શ્રી જીનેશ ઉપાસીને પરિહરૂં કર્મોતણા પંકને;
ઉપાધિ ધરતા અનેક જીવ આ સંસારના સાગરે,
તે સૌ નામ જપી જીનેશ્વરતણું મુક્તિપદે જૈ ઠરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ

# क्षमा याचना.

( ક્ષમા વીરસ્ય ભૂષણમ્ . )

સુજ્ઞ મહાશય ધર્મબન્ધુઓ,

( શાર્દૂલ વીક્રીડિત )

આખે વર્ષ વિષે થયાં મનવચઃ કાયા વડે કર્મ જે,
યાચું તેહ તણી ક્ષમા હૃદયથી જૈની તણો ધર્મ તે;
વાણી વીર વિલોકતા અવનિમાં સદ્બોધ દે ઐક્યનો,
આજે તો પ્રતિઘોષ થાય સઘળે નેતા તણા શૌર્યનો. ૧
પ્રાણી માત્ર સમાન છે ત્યમ ગણી સ્વાત્મિકતા કારણે,
છોડો સર્વ પ્રપંચ જાળ જગની ઔદાર્યતા ધારણે;
ઝાંખી આજ જણાય છે વચનમાં વ્યાપારમાં આવશે,
થાશે આત્મ પ્રકાશ પૂર્ણ ભવિનઃ જૈનત્વ સ્વીકારશે. ૨

જૈન પર્વો પૈકી મહાન પર્વાધિરાજ પર્વ પર્યૂષણની પૂર્ણતાનો આજે મનોહર માંગલ્યમય દિવસ છે.

શ્રીમાન્ વીરપ્રભુની અમૃતમય-માધુર્ય ગિરાના રસજ્ઞ ભવ્યાત્માઓ પરસ્પર થયેલા વિરૂદ્ધાચરણની વિશુદ્ધિ માટે ત્રિશુદ્ધિ યુક્ત ક્ષમા યાચે છે એટલુંજ નહીં પરન્તુ ત્યારબાદ ભવિષ્યના માટે મૈત્રીભાવનાના મિષ્ટ અંકુરો પ્રકટાવવા પ્રવર્તમાન થાય છે.

ખરેખર રીતે અવલોકતા જૈન ફિલોસોફીના ઉચ્ચત્તમ રહસ્યના અવબોધની એ નીશાની છે.

દેશોન્નતિ સાથેજ ધર્મોન્નતિનો સદ્ભાવ છે, માટેજ વર્તમાન વાતાવરણમાં સ્યાદ્વાદ શૈલી સાધ્યમાં રાખી દેશસેવા તેમજ સમાજ સેવા યુક્ત આત્મ વિશુદ્ધિ કરવા પ્રયત્નશીલ થાવું.

અમો પણ ઉપરોક્ત શૈલી અનુસાર આપની સાથે થયેલા કોઇ પણ આન્તર યા બાહ્ય દોષની નિવૃત્તિ માટે ત્રિકરણ યોગે ક્ષમા યાચીએ છીએ. આપશ્રી એ ઉદારતા બતાવી ઉપકૃત કરશો. સુજ્ઞેષુ કિંબહુના.

વીર સંવત ૨૪૪૬. | ક્ષમા યાચક,
આત્મ સંવત ૨૫. | શ્રી જૈન આત્માનંદ સભા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દુષ્ટ મિત્રને ધિક્કાર.

( હરિગીત )

રચનાર—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી.

લક્ષ્મીતણા અતિ લોભથી કે સ્વાર્થ નિજનો સાધવા,
જે મૈત્રી જોડે જગતમાં તે મિત્રને ખર માનવા;
મુખ બોલ બોલે મધુર જે હૈયે હળાહળ રાખીને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૧
સંપત્તિ સમયે "ભાઇ, ભાઇ," કહે બહુ ભેગા થઈ,
ખોટાં વખાણો ને ખુશામત જે કરે નિજ સ્વાર્થ લઇ;
આપત્તિમાં નવ ભાવ પૂછે જે ન આપી મદદને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૨
પ્રત્યક્ષમાં સારૂં વદે, જાયમ હોય હિતસ્વી ઘણો,
પાછળ થકી હિતને હણે તે મિત્રને રિપુવત ગણો;
સુખ દુઃખમાં ન સમાન વર્તે જે ન રાખી પ્રેમને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૨
છળ કપટથી બહુ ગુપ્ત વાતો મિત્રની જાણી લઈ,
જાહેર જગમાં જે કરે વિશ્વાસનો ઘાતી થઇ;
દુષ્કૃત્યથી ન નિવારતો સન્માર્ગ જે ન બતાવીને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૩
નિજ મિત્રના ઉત્તમ ગુણોને પ્રગટ જે ન કદી કરે,
શોધી ઘણા દૂષણ સદા જન નિકટમાં હલકો કરે;
તજી જાય દેખી દુઃખી દુઃખ જે પડી પીડને નવ ભાંગીને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૫
બહુ મિત્રને ભેગા કરી જે મશ્કરી હલકી કરે,
ગાળો પરસ્પર આપીને કર તાળી લઇ ગમ્મત કરે;
કાંતો રમે જે સોગઠે પાને કે પાસે ઘતને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૬
સચવાય વચનો સર્વ જ્યાં લગી પ્રીત પણ ત્યાં લગી ટકે,
પડતાં ખરેખર ચૂક જરિયે પ્રેમને જે પાટકે,

For Private And Personal Use Only

ભેગા મળી અપશબ્દ બોલે અથ જે ઠીક ઠાંસીને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૭
નિજ મિત્ર પાસે યાચના પ્રતિદિન કરે જે ધન તણી,
સંકોચ રાખી ચિત્તમાં નવ વાત બોલે નિજ તણી;
દુ:ખ દેખીને જે મિત્રનું આપે દિલાસો ન હામને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૮
નિ:સત્ય ભાષણુ ક્રોધ ને ચળ ચિત્તને નિષ્ઠુરપણું,
એ ચાર દૂષણયુક્ત મિત્રનું જીવવું પશુવત ગણું;
જે મિત્રપત્નીને જુવે કુડી નજરથી નિહાળીને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૯

## જેવી ભાવના એવી સિદ્ધિ. જેવી દૃષ્ટિ એવીજ સૃષ્ટિ.

આ ગંભીર પ્રશ્નનો ઉત્તર–સમાધાન સારી મતિ મુજબ આ રીતે સૂઝે છે.

કોઇ પણ કામ કરતાં જેવી ભાવના વર્તતી હોય, જેવી દૃષ્ટિ રહેતી હોય, તેવું જ તેનું ફળ–પરિણામ આવે છે. નમળી અને મલીન ભાવના કે દૃષ્ટિનું ફળ–પરિણામ પણ નબળું અને મલીન જ આવે અને સબળ તથા નિર્મળ ભાવના દૃષ્ટિનું ફળ–પરિણામ પણ તેવુંજ સબળ અને પવિત્રજ આવે છે.

ઘણે ભાગે મિથ્યાત્વ–અજ્ઞાન–ક્રોધાદિક કષાય–વિચાર–વાણી અને આચારમાં શિથિલતા અથવા સ્વચ્છંદતા તથા વિષયાદિક તુચ્છ–અસાર સુખમાં લોલુપતાને લીધે જ્યાં વિષમય તુચ્છ સ્વાર્થિલી ભાવનાજ પ્રબળ વર્તતી હોય, જ્યાં અહંતા અને મમતા જ છાઇ રહી હોય, જ્યાં દૃષ્ટિ સદાકાળ બહિર્મુખજ રહ્યા કરતી હોય, જ્યાં યશ–કીર્તિ નિમિત્તે લોકરંજનની જ બુદ્ધિ મુખ્યપણે રહેતી હોય ત્યાં ગમે તેવી રૂડી અમૃત જેવી કરણી કરવામાં આવતી હોય તો પણ તેનું ફળ–પરિણામ રૂડું શી રીતે આવે? તેની અસર પોતાના જીવન ઉપર અમૃત જેવી ઉમદા શી રીતે થઇ શકે? જન્મમરણનાં દુ:ખ–ક્લેશ શી રીતે ટળે? અને આત્મામાં ખરી શાન્તિ–શીતળતા શી રીતે પ્રગટે?

જો વર્તમાન સ્થિતિનું ખરૂં કારણ શોધી તેને જ સુધારવા ભાઇઓ અને બ્હેનો ( સાધુઓ તેમજ ગૃહસ્થો ) દૃઢ પ્રયત્ન કરે, જે જે કારણથી પોતાની અવનતિ થવા પામી છે તે તે કારણને યથાર્થ સમજી લઇ, હિંમતથી તેનો ત્યાગ કરે અને જે જે કારણથી પોતાની સ્થિતિ સુધરી શકે તે તે કારણને સારા નિસ્પૃહી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરૂણાળુ જ્ઞાની મહાત્માઓ પાસે સારી રીતે સમજી દઢ શ્રદ્ધા અને હિંમતથી તેનો પરિચય કરી જો તેને યથાર્થ રીતે વર્તનમાં ઉતારવામાં આવે તો પછી પવિત્ર ભાવના-દૃષ્ટિ સહિત કરવામાં આવતી કરણીનું ફળ-પરિણામ પણ તેવુંજ રૂડું આવવા પામેજ એ સ્પષ્ટ છે.

પ્રથમ તો પોતાની ભાવના-દ્રષ્ટિ જ સુધારવા માટે ક્ષુદ્રતા-તુચ્છતા-પરાયાં છિદ્ર-દોષ જોવા તાકવાની દુર્બુદ્ધિ-કુબુદ્ધિ જ તજવી જોઇએ અને રૂડી ગંભીરતા રાખી રાજહંસની જેમ વિવેક વડે દોષ માત્રની ઉપેક્ષા કરી ગુણ માત્રને જ જોવા-આદરવા-સેવવાની રૂડી બુદ્ધિ કરવી જોઇએ.

અમૂલ્ય ધર્મરત્નની પ્રાપ્તિ માટે આપણને યોગ્ય-લાયક બનાવે એવા ૨૧ ગુણોનો વારંવાર અભ્યાસ કરવો જોઇએ.

દયા, લજ્જા, વિનય, દાક્ષિણ્યતા, સરલતા, કૃતજ્ઞતા, સત્યપ્રિયતા, નિષ્પક્ષતા, ગુણાનુરાગિતા, દીર્ઘદર્શિતા, પરોપકાર રસિકતા અને કાર્યદક્ષતાદિક ઉત્તમ ગુણોનો નિરંતર અભ્યાસ (પરિચય) રાખવાથી આપણા વિચાર, વાણી અને આચારની મલીનતા દૂર થવા પામશે, હૃદય સ્વચ્છ થશે, વાણી અમૃત જેવી મીઠી, હિતરૂપ અને સત્ય જ વદાશે અને અન્ય જીવોને દુઃખ-ત્રાસ થાય એવા દુષ્ટ આચરણથી દૂર રહેવા સહેજે લક્ષ બંધાશે એટલે મન, ઇન્દ્રિય અને કાયા આપણા કબજામાં આવતા રહેશે. વળી દેવ ગુરૂ ધર્મ સંબંધી ગુણ દોષની સારી રીતે પરીક્ષા કરી શુદ્ધ દેવગુરૂ ધર્મને યથાર્થ ઓળખી દ્રઢ શ્રદ્ધાથી તેની સેવા ભક્તિ બહુમાન કરવા વડે આરાધક થઇ શકશે. એટલા માટે કલ્પસૂત્રાદિક ઉપકારી આગમ-ગ્રંથો બરાબર લક્ષપૂર્વક વિનય કરી બહુમાનથી વાંચવા, સાંભળવા, વિચારવા અને પરમાર્થ બરાબર સમજી, સ્વશક્તિ છુપાવ્યા વગર તેનો યથાર્થ આદર કરવો.

૨ યથાશક્તિ જે કંઇ દાન શીલ તપસ્યાદિક ધર્મકરણી કરવી તે લોકરંજન માટે નહિ; પણ આત્મકલ્યાણ કરવાના પવિત્ર લક્ષ સાથે જ કરવી.

૩ સુખશીલતા અને સ્વચ્છંદતા તજવા-ભગવાન મહાવીર પ્રભુ પ્રમુખ મહાપુરૂષોના પવિત્ર ચરિત્રનું યથાશક્તિ અનુકરણ કરવું.

૪ પુન્યયોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો લ્હાવો લેવા ભાવ જ થાય તો સ્વધર્મી બંધુઓનો ઉદ્ધાર, વિદ્યાર્થી બંધુઓ અને બ્હેનોને વિદ્યાદાન અને દુઃખી માનવોનું યથાશક્તિ હિત કરવાનું ખરૂં કામ વિસારશો નહિ.

૫ અન્ય જનો પણ અનુમોદના કરે એવી સમયાનુકૂળ પ્રભાવના કરવાનું સદા લક્ષ રાખશો.

ઇતિશમ્.

લે૦ મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણે કઈ પદ્ધતિથી કામો કરવા જોઇએ ?

૧ કોઇ પણ કામ કરતાં પહેલાં કાર્ય ક્ષેત્ર અને તેની જરૂરીયાતનો વિચાર કરવો જોઇએ. આપણામાં આ વિચાર નહીં હોવાથી ઘણા ઘણા ઉપયોગી કામો શરૂ થયા નથી, અનુપયોગી થવા લાગ્યા છે. અને ઉપયોગી હશે તે લુલાં અને નહિ જેવાં છે. એક માણુસને પૈસા ખર્ચવાનો વિચાર થયો, ને એજ માણુસને જૈનેતર જગતમાં ચાલતાં કોઇ ખાતાનું અનુકરણ કરવાનું મન થયું એટલે કે કામ શરૂ થાય છે, તેથી સમાજને કે શાસનને જોઇએ તેવા ફાયદાકારક બનતું નથી. પણ ઉલટું વખતે નુકશાની પણ કરે છે. આ આપણી હાલના સામાજીક ખાતાઓ અને કાર્યોની સ્થિતિ છે.

૨ આપણે પક્ષપાત દૃષ્ટિનો તદ્દન ત્યાગ કરીએ અને મહાવીર પ્રભુ તરફ તથા તેમના પ્રવર્તાવેલા શાસન તરફ દૃષ્ટિ કરીએ તો તે અગાધ કર્તવ્ય ક્ષેત્ર જણાશે, તે જગતને માટે ઘણુંજ ઉપયોગી જણાશે, તેનો કોઈ રીતે હ્રાસ થવોજ ન જોઇએ, બલ્કે તેનું તેજગણુ ન્યૂન ન થવું જોઇએ.

૩ આપણો શાસ્ત્રીય સુધારો ઉંચા પ્રકારનો છે એમ માનવામાં કોઇ પણ જાતનો બાધ નથી અને જો તેને યોગ્ય રૂપમાં ગોઠવનાર મળે તો તે ઉંચા પ્રકારનો છે અને તેમાં પ્રત્યેક મનુષ્યનું, વધારે કહું તો પ્રત્યેક શરીરિનું હિત રહેલું છે, અને તે હિત નિર્દોષ, જેનું ભવિષ્યમાં પણ પરિણામે હિતમયજ હોય. આમ છે, છતાં હાલ બીજા દાર્શનિકો વેદાન્ત વિગેરે અને બીજા મત પંથો કે અનાર્ય ધર્મો કરતાં જૈન સમાજની વ્યવહારૂ સ્થિતિ દિવસે દિવસે પહેલાંનું તેજ છોડતી જાય એ સૂક્ષ્મદર્શિને, તેમજ જૈન સમાજના સૂક્ષ્મતાથી અભ્યાસકને જણાયા વિના રહેતું નથી. તેના અનેક કારણ છે. અને તે ખાસી એજ છે કે—આપણામાં આંતર વ્યવસ્થા બિલ્કુલ તુટતી જાય છે. જૈન કુળમાં જન્મેલા બાળકને જીવન પર્યંત ગમે તેવા પ્રસંગમાં પણ ફેરફાર ન થાય તેવા ધાર્મિક સંસ્કારો મળતા નથી. તેને જૈન ધર્મના તત્વોની વ્યવસ્થાની કે મહાવીર પ્રભુના ઉદ્દેશની ખબરજ હોતી નથી. તેને અંગે જે કંઇ સાધનો જોઇએ તે પણ સમાજના આગેવાનો કે સમજુ પુરૂષો તરફથી સારા રૂપમાં યોજાયાજ નથી. જે કંઇ છે. તે અર્થ વગરના છે. એટલે આપણે જોવાની જરૂર છે તેવા તો નથીજ. અને તેને પરિણામે નવીન કેળવણી લીધા પછી પણ તેનો જૈન ધર્મપર પ્રેમ શિથિલ ઘણે ભાગે જોવામાં આવે છે. આવી સ્થિતિ તપાસી તેના કારણો દૂર કરવા જોઇએ અને સારામાં સારા સાધનો યોજવા જોઇએ. આ સમાજના નેતાઓની કે તેના અંગતોની ખાસ ફરજ છે, જ્યાં સુધી સાધનો યોગ્ય ન હોય ત્યાં સુધી આમ જોઇએ ને તેમ જોઇએ અને આમ થવું જોઇએ એવી વાતો કે ભાવનાઓ સંતોષ આપી શકતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ જૈનસમાજને અંગે કહો કે કોઇ પણ સમાજને અંગે કહો. તેને ટકાવી રાખવા આંતર વ્યવસ્થા મજબુત જોઇએ ને વધારે ફેલાવો કરવા બાહ્ય વ્યવસ્થા આકર્ષક જોઇએ. આ બાબત દરેકની બુદ્ધિ ગ્રહણ કરતીજ હશે. તો હવે કઇ બાહ્ય વ્યવસ્થાની અને કંઇ આંતર વ્યવસ્થાની આપણને જરૂર છે, અને ભાવી જૈનસમાજનું કેવું સ્વરૂપ ઘડવું છે એ ઉદ્દેશ ધ્યાનમાં રાખી કોઇ પણ કામ કરવું જોઇએ.

૫ આ સંકલનાથી આપણને શેની જરૂર છે? તે સંપાદન કરવાના સાધનો કયા કયા છે અને માર્ગો કયા કયા છે, તે પરિણામદર્શી બુદ્ધિથી વિચારી શકાય છે અને તેજ બુદ્ધિથી જ પશ્ચિમના કાર્યકર્તાઓ કામ કર્યે જાય છે અને ફળ જોઇએ તેવુંજ મેળવે છે. આ પરિણામદર્શીત્વ ન બની શકે તેવું નથીજ. તો સમાજના વિચારક હિતેચ્છુઓ તરફથી એક પરમ ધ્યેય નક્કી થવું જોઇએ. જોકે તે ધ્યેય સિદ્ધ કરવા એકજ હાથે તાળી પડતી નથી, તેમ તેમાં એકલાનું કામ નથી; તેમજ એકાદ સંસ્થા તરફથી એ હિત સિદ્ધ થાય તે પણ આશા ન રાખવી, પણ દરેક અંગો ખીલવવા દરેક જાતની જુદી જુદી જાતની સંસ્થાઓ જોઇએ; પણ તેનું ધ્યેય એકજ રહેવું જોઇએ. તે ધ્યેય સિદ્ધ કરવાની પદ્ધતિ પણ એકજ રીતે ઠરાવેલી હોવી જોઇએ. આવી રીતે કાર્યપદ્ધતિ અને અંગોનો નિયમ થયા પછી તેના સાધનોનો વિચાર થવો જોઇએ અને કોઇ પણ નવી સંસ્થા કે ખાતું નીકળે તે આ ધ્યેયને સિદ્ધ કરનારૂં હોય તોજ તેને ચાલવા દેવું અને તેને સહાય કરવી, બીજી રીતે હોય તો નહિં, તે તરત બંધ કરવી જોઇએ. અને ઉપરના ધ્યેયને સિદ્ધ કરનાર કોઇ પણ વ્યકિત કંઇ પણ કામ કરે તે પ્રશસ્ય અને ઉત્તેજનપાત્ર છે. તેમાં જરાએ અણગમો બતાવવાની જરૂર નથી કે તેને ઉતારી પાડવાની કોશીશ કરવાની નથી. (આપણામાં આથી પણ ઉલટું બને છે) આ વસ્તુસ્થિતિ છે. તો આ ઉપરથી એટલું સમજાય છે કે આપણે આંતર વ્યવસ્થાને અંગે કેટલા ખાતાની જરૂર છે? તેના મૂળ વિભાગ કેટલા છે અને તેના ઉત્તર વિભાગ કેટલા છે? બાહ્ય વ્યવસ્થાને અંગે કેટલા ખાતાની જરૂર છે અને તેના મૂળોત્તર કેટલા વિભાગ કરવાથી તે કામ બરોબર ચાલી શકે, એ વિભાગ કરવો જોઇએ, પછી તેમાં કેટલા સાધનો જોઇએ? કેટલી કેપીટલ (નાણાની સિલક) જોઇએ? તેનો નિર્ણય કરવો જોઇએ. પછી હાલ તેમાંના કેટલા સાધનો છે, કેટલી આર્થિક મદદ છે. તેનો વિચાર કરી તેના પ્રમાણમાં કામ શરૂ કરવું જોઇએ; પણ ઉત્તરોત્તર કુલ સાધન મેળવવાના પ્રયત્નોની શરૂઆત પણ સાથેજ થવી જોઇએ કે જેથી કામ ભવિષ્યમાં પડી ભાગવાનો સંભવ ન રહે. આંતર વ્યવસ્થાના અંગમાં ઘણા ખાતાઓ આવી જાય છે, જુની શોધખોળ, પ્રાચીન સાહિત્ય પ્રકાશ, જૈન મીલ્કત અને હક્કોનું સરંક્ષણ વગેરે વગેરે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવીકા ચારે વર્ગને યથાયોગ્ય જૈન ધર્મની અને ચાલુ જમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાની–પોતાના જીવનમાં ઉપયોગી, પરભવમાં ઉપયોગી કેળવણીની અવશ્ય જરૂર છે. અને તેને અંગે સાર્વજનિક સંસ્થાઓનો સારો લાભ લેવા ઉપરાંત જૈન ધર્મનું સારૂં જ્ઞાન મેળવી શકે તેવી સંસ્થાઓ, તેવા પુસ્તકો, તેવા બીજા પણ સાધનો અવશ્ય યોજવા જોઇએ. તેમજ જૈન દર્શન બીજા દર્શનો કે વિચારો કરતાં આગળ છે, અથવા તેમાં સારૂં શું છે? તે જગતની દૃષ્ટિએ મૂકવું. જૈનો નાગરિક તરીકે શોભવા જોઇએ, જૈનો રાજકીય, સામાજિક, ત્રિગેરે સ્થિતિમાં ભાગ લેતાં થાય, તેઓની આર્થિક સ્થિતિ સુધરે તેવા પ્રકારના ઉપાયો યોજવા. જૈન ધર્મના મંતવ્યો તરફ અશ્રદ્ધા દૃષ્ટિથી જોવાનો પ્રસંગ ન આવે એવી શાસ્ત્રસંમત પદ્ધતિથી જૈનવર્તનનો ક્રમ ગોઠવવો અને તે લોકમાં ફેલાવવો. એ વગેરે અનેક બાહ્ય વ્યવસ્થાઓ છે.

૬ આ આંતર વ્યવસ્થા અને બાહ્ય વ્યવસ્થાઓમાં અનેક ખાતાઓ અનેક સંસ્થાઓ અને અનેક કામોનો સમાવેશ થાય છે. તેનું લીસ્ટ જીજ્ઞાસા પુરતી માટે આની પાછળ જોડયું છે. તેમાંથી ગમે તે કામ તમે પસંદ કરી લ્યો. દરેક કામ જૈન શાસનની ઉન્નતિમાં સીધી રીતે કે આડકતરી રીતે લાભજ કરે તેમ છે. અને તે તમે તમારી મેળે સમજી શકશો. જે જે કામ પસંદ કરો તેની સ્વતંત્ર યોજના પછી આદિથી તે અંત સુધીની ઘડી શકાય.

૭ પૈસા ખર્ચનારની મરજી પ્રમાણે કામ કરવાથી યદ્યપિ તે કામ થાય છે, પણ સમાજને તેનો સારો લાભ મળી શકતો નથી અને વખતે ઉલટું નુકસાન થાય છે. દાખલા તરીકે એક માણસે જે રીતે થવી જોઇએ તે રીતે નહિ કરતાં થોડા ઘણા પૈસાથી અને સામાન્ય વ્યવસ્થાપક બુદ્ધિથી કામ શરૂ કરી દીધું. શરૂઆતમાં અનેક જાતની ધમાલો કરી મૂકી. પાછળથી તે કામ રગસિયા જેવું રહે છે તેથી તેનો લાભ સમાજ લઇ શકતી નથી અને એક ખાતું હોવાથી બીજું ખાતું થઇ શકતું નથી એટલે ઉભય ભ્રષ્ટતા થાય છે. આવું ખાતું ન થાય તો સારૂં. ( અને આદિથી તે અંત સુધીની કાયદેસર યોજના પ્રમાણે ગમે તેટલા નવા નવા ઉપયોગી ખાતાઓ ખોલવામાં કોઇ પણ જાતની અડચણ નથી. ) માટે સૌને ગમે કે ન ગમે તેનો વિચાર સહૃદય કાર્યકર્તાઓએ કરવાનો નથી. જો કે થોડા વખત પછી પણ તે રૂચ્યા વિના તો નજ રહે, કેમકે સત્ય તે તો સત્યજ.

જૈન કે જૈન શાસનની આંતર બાહ્ય વ્યવસ્થાઓને અંગે આટલાં ખાતાની જરૂર છે એમ સિદ્ધ થઇ ચુક્યું એમ એક વખત માની લ્યો. અને તેમાંનું એક સારૂં કામ તમે પસંદ કરી લીધું. કામ ઘણો વખત સારી રીતે ચાલી શકે તેને માટે આ જમાનામાં પૈસાની પૂર્ણ આવશ્યકતા છે, કેમકે આ જમાનામાં સાધનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ પણ કામ માટે જોઈએ તેટલા મળી શકે છે, પણ સાધનો ઘણા જોઇએ માટે તેમાં પૈસાની જરૂર. આગળના જમાનામાં સંસ્થા દ્વારા કાર્ય કરવાની પદ્ધતિ નહિં હોવાથી થોડા ખર્ચથી એકાદ બે કાર્ય કરનારાઓથી કામ ગમે તેવી સ્થિતિમાં પણ ચાલતા હતા. આજકાલ કામ કરનાર વિદ્વાન વર્ગ એટલે જે તે કામને માટે લાયક હોય, તેને માટે પણ ખર્ચની જરૂર પડે છે. તે સિવાય કલાર્ક નોકરો વગેરે મોટા ખર્ચે મળે છે, પુસ્તકો, ફરનીચર વગેરે સાધનોમાં પણ પૈસાની સારી જરૂર પડે છે. તે તમારાથી અજ્ઞાત નથીજ. એકાદ શેઠ કે ગૃહસ્થ બીન અનુભવી અને અજાણ હોય તેમજ બીજા અનેક કાર્યોમાં તે ગુંથાઇ રહેતો હોય તેવા ઑનરરી કામ કરે, પણ તે કામ શું કરી શકે? ઑનરરી આવા માત્ર શ્રીમંત કામ કરનારા પાસે કામ કરાવવું તે સંસ્થા કે ખાતાને પહેલેથીજ તોડી પાડવું અથવા તેના મૂળમાં સડો ઉમેરવો એજ છે. જો કે તે વ્યક્તિ તે કામનો નાશ કરે એમ માનવાનુંજ નથી; પણ તે વર્ગ બીન અનુભવી અને અજ્ઞાન હોવાથી કામની ઝીણવટનું અને ક્ષણે ક્ષણના પ્રસંગોનું તેમને જ્ઞાન નથી હોતું અને તેને પોતાના બીજા અનેક કાર્યો અને વ્યવસાયમાં ગુંથાઇ રહેવું પડે છે. તેથી જેમ તેમ કરીને ચલાવે છે. કાંઇ ખામી કે ભૂલ થાય તો પણ સમાજ તેને કંઇ કહી શકતી નથી. ઉલ્ટું કહેવું પડે છે કે અમુક ભાઇ સારૂં કામ કરે છે. જાતિભોગ આપીને તપાસ રાખે છે અને વિઝિટ બુકમાં તેના વખાણ કરવા પડે છે, છેવટે એવા પણ ઉદ્ગારો નીકળે છે કે–નહીં કરતાં સારૂં છે. આ બધી બાબત તમને નવાઈ જેવી લાગશે, પણ જૈન સંસ્થાઓનાં સૂક્ષ્મ અવલોકનથી ઘણી વખત આ પ્રમાણે જણાઇ આવે છે. ગૃહસ્થોનું કે એવા સમજુ શ્રાવક વર્ગનું કામ જો કે સંસ્થામાં નથી એમ નથી, પણ તેમાં તેમને યોગ્ય જે કામ હોય તેજ કરવું જોઇએ. બોડીયા અક્ષર લખી જાણનાર શ્રીમંત ગૃહસ્થ કેળવણીને લગતી સંસ્થાના સેક્રેટરી થાય, પણ તે શિક્ષણ શાસ્ત્રના સંબંધમાં શું સમજે? ઑનરરી કામ કરવું એ ખરાબ નહિ કહેવાય. પણ તે કામની યોજના અયોગ્ય છે. આ બધું પ્રાસંગિક જણાવ્યું છે, પણ ટુંકામાં ખર્ચની પુષ્કળ જરૂર છે. કોઇ પણ કામમાં યોગ્ય શક્તિ સંપન્ન અને અંગોના દરેક ખાતાની ઝીણવટ જાણનાર ચારે તરફ દૃષ્ટિ રાખી કામ કરનાર, દરેક ખીલવણીમાં પોતાનું મગજ ભલે પછી થોડે ઘણે અંશે પણ સરલતાથી પરોવી શકે એવા નિસ્વાર્થી પુરૂષ પ્રથમ નંબરે યોગ્ય કહેવાય. બીજે નંબરે જીવન અર્પણ કરી પોતાની જરૂરીયાત પુરતુંજ ખર્ચ લેનાર ઉપરના ગુણવાળો ગૃહસ્થ અને ત્રીજે નંબરે ઉપરની શકિતવાળો પુરતા પૈસા લઈને પણ કામ કરનાર જો શકિત સંપન્ન પુરૂષ ગમે તેટલા પગારે મળે તો તેને માટે જરા પણ પાછીપાની ન કરવી જોઈએ એ સંસ્થાની મુખ્ય ફરજ છે. તદ્દન મફત કે ઘરના પૈસા આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને પણ બીલકુલ શકિત અને બુદ્ધિ વિનાના પુરૂષદ્વારા કામ લેવું એ મહા મૂર્ખતા છે, તેમજ સંસ્થાને અંગે દરેક માણસનું આ આપણે સમજવું. આ બાબત ઉપર આપણા દેશમાં ને આપણી સમાજમાં ઓછું લક્ષ અપાય છે. આવી રીતે અનેક રીતે ખર્ચના આવશ્યકતા છે. આમ જ્યારે સારા ખર્ચની આવશ્યકતા છે, તો તે એક માણસ પુરૂં કરી શકે એ ઓછું સંભવિત છે; માટે તેમાં બીજા ભાગ લઈ શકે તેવો ખાસ અવકાશ હોવો જોઈએ અને લોકોને તેમાં પૈસા આપવાનું મન થાય તેવા તેના પ્રયત્નો કે યોજનાઓ સંસ્થા તરફથી હોવીજ જોઈએ. અને તે ખાતાને આગળ ચલાવવા દિક્ષા લીધા પછી ને શાંતિ સ્વીકાર્યા પહેલાં સમાજમાં વ્યવસ્થા કે સુધારો કરવા ઇચ્છનાર યોગ્ય મુનિ, કે સંચાલક સમર્થ વ્યાપક બુદ્ધિનો ગૃહસ્થ પ્રયત્નો યોજી શકે, તોજ તે કામનો નિભાવ થાય. કામનો નિભાવ થાય કે ન થાય પણ શરૂ કરીને, એવા વિચારના આપણે ઘણા જોઇએ છીએ. વળી જે કામ કરવું હોય તેમાં જોઈતા સાધનો જો પહેલેથીજ વ્યવસ્થાસર હોય તો કામ સારી રીતે થઇ શકે અને તેમાં કોઇ જાતની અડચણ આવે નહિ. જો ઉપરના તમામ ખર્ચ માટે એકજ ધણીની રકમ પૂરતી હોય અને તેના અને તેના વ્યાજમાંથી કામ ચાલી શકે તેમ હોય તો વ્યાજમાંથી કામ કરવું અને સ્થાવી મિલકતની પણ એજ બાબત છે. એવુંજ કોઈ મહાન કામ હોય અને બીજાના પૈસા આગળ ચલાવવા માટે એકઠા કરી શકવાની હિંમત હોય તો ખપતરામાંજ ખર્ચવા. એના જેવો સારો અને કામને આબાદ કરનાર બીજો કોઇ રસ્તો નથી. પણ આ સવાલોના ચોક્કસ જવાબો તો ત્યારે આપી શકાય કે તમે કેટલું કરી શકો તેમ છો? તે જાણ્યા પછી સાત ક્ષેત્રમાં પેટા ભાગ તરીકે બતાવવામાં આવતાં દરેક ખાતાઓનો સમાવેશ થઈ શકે છે. સાત ક્ષેત્રોની સંજ્ઞા પણ શાસ્ત્રકારોએ રાખી છે. તેનો ઉદ્દેશ પણ સમજાશે કે શાસન અને સમાજ વ્યવસ્થાસર ચાલે તેવા ખાતાઓના મૂળવર્ગ આ સાત ક્ષેત્ર છે. તેમાં બીજા અનેક કામનો સમાવેશ થાય છે અને તેમાં સમાવેશ પામતાં કોઇ પણ કામ કરવા તે શાસ્ત્રસમ્મત છે એમ સમજવામાં કોઇ પણ જાતની અડચણ નથી, સાત કહ્યા એટલે સાતજ છે એમ ન હોય પણ પેટા ભાગ ઘણા થઇ શકે એવા બીજા અનેક દાખલાઓ શાસ્ત્રમાં છે. જે સમયે જેની જરૂર હોય તે કામ મુખ્ય પણે કરવું અને બીજા ગૌણ રાખવા. એ બાબત જીનેશ્વરના સિદ્ધાંતને અનુસરતી છે, તેમાં કોઈ ના કહી શકે તેમ છેજ નહિ. ખરી વાત તો એ છે કે તમારે પૈસા ખર્ચવા છે માટે કામ કરવું એમ તો હોવુંજ જોઈએ. પણ કયા કામની વર્તમાન શાસનને ખાસ જરૂર છે અને કરવા જેવું કર્યું છે, માટે ખાસ શાસન પ્રેમ તરીકે અને તેના હિત ખાતર પૈસા ખર્ચો એવુંજ હોવું જોઇએ. અને તેથીજ શાસનને લાભ છે; પણ આ વાત થોડા સહૃદયોજ સમજે છે. એટલી સમજણ શકિતની હજુ આપણને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર છે. હાલ બે જાતની કાર્ય પદ્ધતિ ચાલે છે. એકતો હિંદુસ્થાનની પ્રાચીન કાર્ય પદ્ધતિ અને બીજી યુરોપીયનોની આધુનિક કાર્ય પદ્ધતિ. બન્નેનો ઉદ્દેશ એક હોય છતાં પણ તેની રીતભાત જુદી જુદી હોય છે, તો બેમાંથી તમને કઈ પસંદ છે? આમાં વધારે સારી કઈ ગણો છો? તેનો જવાબ મળ્યા પછી તેને અનુસરતી રીતે પસંદ કરેલ કામની સ્કીમ તૈયાર થઇ શકે. જુદી રીતે થાય છે તેમ તેના ફળમાં પણ ભેદ છે. જૈન કોમને પોતાના ખર્ચથી અને પોતાની દેખરેખ નીચે કરવાના કાર્યોનો મુખ્ય વિભાગ પડવા જતાં તેના બે વિભાગ થઇ શકે છે.

૧ પારલૌકિક ફળ આપનાર અને ઈહ લૌકિક ફળ પણ આપનાર (તે પણ જૈન દ્રષ્ટિએ પરંપરાએ પારલૌકિક ફળ આપનાર છે.)

૨ ઇહ લૌકિકના મુખ્ય ત્રણ પ્રકાર છે. સ્વરક્ષણ આંતર વ્યવસ્થા અને બાહ્ય પ્રવૃત્તિ અને તે પ્રત્યેકના બબ્બે ભેદ થઇ શકે છે. એક તત્કાળ અને બીજા ઉત્તરોત્તર લાંબે કાળે ફળે તે દરેકના યથાયોગ્ય બબ્બે પ્રકાર થઇ શકે છે. પ્રાચીન પદ્ધતિથી કરવાના અને નવીન પદ્ધતિથી કરવાના, સમાજના માણસોની રૂચિ ભીન્ન ભીન્ન પ્રકારની હોય તેથી આ બે ભેદો પડી શકે તેમ છે.

૩ પારલૌકિક ફળના કાર્યો ઘણે ભાગે જાતેજ કરવાના હોય છે. અને તે પૂજા ભકિત, યાત્રા, ઉપધાન, સામાયક, પ્રતિક્રમણ, તપશ્ચર્યા વિગેરે વિગેરે જેના ફળોનો સંબંધ જૈન શાસ્ત્રની દૃષ્ટિએ ઘણે ભાગે પરલોક સાથે છે.

૪ ઇહલૌકિકમાં નીચેની બાબતોનો સમાવેસ થાય છે.

૧ પ્રાચીનતાના સંરક્ષણ ૨ સમાજની ચાલુ સગવડ ૩ ભાવિ તૈયારી

૫ પ્રાચીનતાનાં સંરક્ષણમાં જૈન પ્રાચીન સાહીત્ય પ્રકાશ, શોધ, સંરક્ષણ, તેની વ્યવસ્થા, જ્ઞાન ભંડારો, મંદીરો, ઉપાશ્રયો વગેરે જૈન સ્થાવર મિલ્કત સંરક્ષણ વગેરે શોધખોળ, શીલાલેખ, તામ્રપત્રો, દાનપત્રો, પ્રાચીન હસ્ત લિખિત લેખો પુસ્તકો વિગેરેની શોધ અને તે ખાતું અવશ્ય જૈન ઇતિહાસમાં મદદગાર છે તથા પ્રાચીન શાસ્ત્રોના અભ્યાસી તૈયાર કરવા વિગેરે અનેક કામોનો સમાવેશ થાય છે. તીર્થરક્ષા, તેમાં સગવડો, અગવડો દૂર કરવી અને પદ્ધતિ પર (બોજો ન પડે અને બરાબર તેવી રીતે ચાલે) મુકવા.

૬ ચાલુ સગવડમાં—૧ કેળવણી, ૨ જૈન આચાર વિચાર પ્રચાર, ૩ જૈનોને યોગ્ય ધંધે લગાડવા, ૪ પાંજરાપોળ (જીવદયા), ૫ જૈન પ્રજાના ઇંડિયન તરીકેના હક્કોનું સંરક્ષણ, ૬ જૈનેતર સાથે જૈન દૃષ્ટિએ ઓળખવો જોઇતો સંબંધ ૭ કુરીવાજ વિગેરે જેમ બને તેમ ઓછા થાય અને પ્રાચીન રીવાજોના આશયનું સત્ય જ્ઞાન મળે. નવી સારી રીતભાત દાખલ થાય તેવા ઉપાયોની યોજના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ કેળવણીમાં ઘણી બાબતોનો સમાવેશ થાય છે. ૧ જૈનશાળાઓ, ૨ સ્થાનિક સભાઓ, ૩ જૈન વિદ્વાનોદ્વારા લેવાનો લાભ. ૪ જૈન મુનિ વિગેરેને આપવાના ખાસ ઉંચા પ્રકારના સાધનોની યોજના, ૫ બૉર્ડીંગો, ૬ જૈન તત્વજ્ઞાનના અભ્યાસીઓ ભૂગોળ, ખગોળ, સાયન્સ પ્રાણી શાસ્ત્ર, વ્યાપારી કેળવણી સંસ્કૃત પ્રાકૃત અભ્યાસ કરનાર વિગેરે. ભિન્ન ભિન્ન શાસ્ત્રનો અભ્યાસ જૈન કૉલેજીયન વિદ્યાર્થીઓને મદદ, ૭ જૈન તત્ત્વનો શાસ્ત્રીય દ્રષ્ટિથી ઉંડો અભ્યાસ કરી શકાય તેવું સાધન, ૮ જૈન તત્ત્વજ્ઞાનના બીજા દર્શનો સાથે તુલનાત્મક ગ્રંથો લખવાની જરૂર. ટેકસ્ટ બુકો, કન્યાશાળાઓ, વિધવાશ્રમો, સ્ત્રી કેળવણીને અંગે સાર્વજનિક પ્રમાણે વર્ત્તવું તેમાં જૈન દ્રષ્ટિથી કરવો જોઇતો ઉમેરો. પ્રાકૃત ભાષા પ્રચાર, એકજ ખાતા તરફથી જૈન કેળવણીના સવાલો ચર્ચાય તેવી સગવડ, સાધ્વીઓ માટે ઉચ્ચ કોટિના અભ્યાસની ખાસ સગવડ. ઉંચા કુટુંબની વિધવા સારી રીતે રહી શકે અને સારી રીતે જ્ઞાન સંપાદાન કરી શકે તેવી સંપૂર્ણ સામગ્રી વાળી સંસ્થા. જૈન પ્રામાણીક ઉપદેશકો, કુલ જૈન પુસ્તકો એક સ્થળેથી મળી શકે તેવી મોટામાં મોટી લાઇબ્રેરીઓ. જૈન સમાજમાં યોગ્ય રીતે કેળવણીથી કામ કરી શકે તેવો વર્ગ ઉત્પન્ન કરવો તેમની આજીવિકાનું જીવન સુધીનું સાધન, સારામાં સારા જૈન ગૃહસ્થો, જૈન મુનિઓ, જૈન વિદ્વાનો, જૈન ગ્રેજ્યુએટો વિગેરે ઉત્તમ પુરૂષો એકત્ર રહી શાંતિથી વખત ગાળી શકે તથા જૈન શાસનની સેવા અંતઃકરણથી કરી શકે તેવાઓ માટે એકત્ર મળવાનું સામગ્રી સહિત સાધન, સ્થાનિક સંસ્થાઓની દેખરેખ રાખનાર. જરૂરીઆતો પુરી પાડનાર સંસ્થા. જૈન સિવાય બીજાઓને જૈન બનાવવાના કેળવણીના પરોપકાર તળે દબાવવાના સાધનોની યોજના કરી સારા જૈન બનાવવા. દૂર દેશમાં મુનિ મહારાજાઓ (પોતાના ચારિત્રને બાધ ન આવે તેવે સ્થળે) ઉપદેશ આપવા જઈ શકે ત્યાં પોતાનું નિર્મળ ચારિત્ર પાળી શકે તેવા સગવડતા ભર્યા સાધનો પૂરા પાડનારી સંસ્થા. જૈનગૃહ વ્યવસ્થા, કુટુમ્બ વ્યવસ્થામાં સુધારા, જૈન આચાર વિચારની હૃદયમાં દ્રઢ છાપ પડાવવી. જૈન ક્રિયાઓ જૈન શાસ્ત્રીય બંધારણો ને જૈન સંઘ સારી રીતે પાળતા થાય તેમાં નવો નવો સુધારો વધારો શાસ્ત્રદૃષ્ટિથી થતોજ રહે તેવું કરનાર એક સંસ્થા. કે-જે ઉપદેશકો, નાની નાની બુકો કે ભાષણો દ્વારા જૈન જૈનેતરમાં પ્રચાર કરાવી શકે. જેમકે હાલ જેમ જમાનો આગળ વધતો જાય છે, તેમ તેમ દરેક ગામમાં જોઇશું તો ઉકાળેલ પાણી પીનારા બહુજ થોડા મળશે. ઘરડાઓ (ડોશીઓ-કેટલીક વિધવાઓ) પીનારા મળશે. સાધુ સાધ્વીને કેટલી અડચણ પડે છે ? એ સૂક્ષ્મ દ્રષ્ટિથી તપાસવું જોઇએ. નવીન યુવક સ્ત્રી પુરૂષો આ બાબતથી તદ્દન અજ્ઞાત જ રહે છે. જો કે સ્કુલમાં કેળવણી મળે છે, પણ તે અમુક અમુક વિષાના પુસ્કોની; પણ તેમના ઘરની જે જે રૂઢીયો શ્રાવક તરીકેની હોય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઘસાતી જાય છે. પણ તે વર્ગમાં વાંચન રૂચિ ભાષણુ સાંભળવું વિગેરે હોય છે. તો હાલની શોધ પ્રમાણે શાસ્ત્રના પુરાવા પ્રમાણે નવીન ઢબથી સમજાવવામાં આવે તેમાં શારીરિક લાભ પણ બતાવવામાં આવે તો અવશ્ય તેઓમાં પણ કેટલીક જૈન ક્રિયા સ્વતઃ પ્રચાર પામે. જૈન ક્રિયાનું મહત્વ સમજાવવાની નવીન ઢબથી અને શાસ્ત્રીય ઢબથી પ્રયત્ન થાય તો તેવા આચારો પુનઃ પ્રવેશ પામે. જો કે આ સંબંધમાં સાધુ મહારાજાઓ ઘણું કરે છે અને કરી શકે તેમ છે, પણ ભુલવું ન જોઇએ કે સાધુ મહારાજાઓનો માર્ગ મુખ્યતાયે નિવૃત્તિપ્રધાન છે, હાલના વખતમાં જોકે કલેશ અને કુસંપ વિગેરેથી પ્રવૃત્તિપ્રધાન ચાલે છે, પણ તેમાં તેમની પૂર્ણ પ્રતિષ્ટા નથી, માટે આ કામ સમજુ શ્રાવક વર્ગનું છે પણ એવા શ્રાવક નથી કે જેઓ વેપાર ધંધો છોડી આ કામ કરે પણ સંસ્થા દ્વારા સંસ્થામાં ઉપર લખ્યા પ્રમાણે કેળવીને તૈયાર કરેલા જૈન કાર્ય કરનારાઓ દ્વારા, તે વિષયની શોધખોળ તપાસ કરી માહિતી મેળવે અને તેને શાસ્ત્રીય હોય તો શાસ્ત્રી ઠરાવી ચાલુ સંજોગોનો ઓપ ચડાવી પ્રજામાં જેમ પ્રવેશ પામે તેવી રીતે સરળ રૂપમાં ગોઠવી આપે. વિગેરે અનેક કામો કરવાના છે. જૈન શાસન એક મત કે પંથ નથી કે તેમાં એકજ કામ કરવાનું હોય, પણ તે એક દર્શન સર્વ દર્શન શિરોમણિ છે. કે જે આખી દુનીયાનો ધર્મ થવાની લાયકાત ધરાવે છે તેવા તેના આચાર વિચારો અને પ્રીન્સીપલો છે. અને પ્રાચીન કાળમાં ઘણે ભાગે તેમ હતું તેથી તેને અંગે અનેક દિશાઓમાં અનેક કર્ત્તવ્યો કરવાના છે. યદ્યપિ હાલ તેણે ઘણુંજ નાનું ( સંકુચિત ) રૂપ પકડયું છે. માટે શાસનરાગીઓએ એવા કામોની શરૂઆતો કરવી જોઇએ. કે જે દરેક કામ ભવિષ્યમાં જૈન ધર્મની મહાન ભાવનાઓના પ્રકાશ રૂપ ઉદ્દેશની રેખાઓ સારી રીતે સિદ્ધ કરે એવા સાધનો ઉત્પન્ન થતાંજ જાય અને કામ વધતુંજ જાય. પછી તે કામ ગમે તેવું હોય, પણ તે સત્ય અને પરિણામે લાભકારીજ છે. સાધુ સાધ્વી વર્ગને પુસ્તકોનો સંગ્રહ રાખવો પડે છે, પુસ્તકો મંગાવવા માટે મેહેનત પડે છે, તેને જુદા જુદા ઉપદેશ આપવો પડે છે અને કેટલાકને તો પુસ્તકો મંગાવવા અમુક ઠેકાણે રકમો રાખવી પણ પડે છે. કારણ કે જ્યારે પુસ્તક જોઇએ ત્યારે પૈસા આપનાર મળી શકે કે કેમ એ સંશયથી આમ કરવું પડે છે. પુસ્તકો માટે કબાટ મેળવવા, કબાટ મુકવા, મકાન મેળવવા અને પુસ્તકો મોકલનાર ભક્ત મેળવવા ખાસ મહેનત અને વખતનો ભોગ આપવો પડે છે. સંઘ તરફથી એક સારૂં સાધન નહિ તેથીજ એમ બને છે, નહિતર મોટા મોટા શહેરોમાં સારી સ્થિતિવાળી લાઇબ્રેરીઓ હોય, ને બીજા નાના ગામડાના વિહારપ્રસંગે અમુક સંસ્થા તરફથી જોઇતા પુસ્તકો મળી જતાં હોય તો દરેકને અંગત પાર્સલ ખર્ચો પણ બચે અને ઘણી માથાકુટ બચવા સાથે ઘણી સારામાં સારી સગવડ થાય. તેવીજ રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્ય સાધુ સાધ્વીને કપડાં વિગેરે ઉપકરણની અને અભ્યાસ કરાવનાર પંડિત અને તેના પગારની મોટી મુશ્કેલી છે. તેમનામાં સંઘાડા અને ગચ્છોના પ્રતિબંધોથી તેઓની સંકુચિત ભાવનાથી એક બીજાની સામગ્રીનો લાભ આપવા જેટલી ઉદારતા નથી હોતી. આવી અનેક અડચણો છે. આપણા લોકો ધંધામાં એટલા મશગુલ બની ગયા છે કે તેનું પરિણામ શું આવશે તે તેઓ સમજી શકતા નથી. તેઓ શરીરની ઘણી પાયમાલી કરે છે, કુટુંબની દેખરેખ કે સારી સંભાળ લઇ શકતા નથી ને ધંધો કર્યે જ જાય છે. હું તેમ કરવામાં અનેક હાનિઓ જોઉં છું. પછી પિતાની સાથે સંબંધ નહિ રાખતા કે પિતાની યોગ્ય દેખરેખ કદી નહિ પામેલા ને નબળા શરીરથી જન્મેલા માયકાંગલા છોકરાઓ ઉદ્ધત અને માબાપથી વિરૂદ્ધ વર્તનવાળા થાય તેમાં શી નવાઇ? આમાનું ઘણું ખરૂં પ્રાસંગિક જાણવા ખાતર લખ્યું છે. કેળવણી, જૈન આચાર-વિચારનો પ્રકાશ વિગેરે સમાજમાં કેમ વધારે પડે, સમાજમાં રહેલ કોઇપણ વ્યક્તિ પછી તે ત્યાગી હો કે ગૃહસ્થી હોય તેપોતાના ધર્મોનું યથાર્થ પાલન કેમ વધારે પ્રમાણમાં કરી શકે, જૈનધર્મ સર્વમાન્ય દર્શન કેમ થઇ પડે તેવા અનેક પ્રસંગો જૈન સમાજને જોવા હોય, જૈન દર્શન ટકાવી રાખવું હોય, તેની ઘટતી સંખ્યા અટકાવવી હોય, ધર્મીઓની વૃદ્ધિ કરવી હોય વિગેરે વિગેરે જોવાની ઇચ્છાવાળા માટેજ આટલું લખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આટલું જણાવી હાલ વિરમું છું.

એક જૈન

## દિવ્ય ભાવનાબળ

જન્મ પછી પ્રત્યેક વ્યક્તિને એક એવી આંતર પ્રેરણાનું બળ પ્રશ્ન કરે છે કે 'માનવ વ્યક્તિ ! આ જગતમાં તારો જન્મ શાને માટે છે?' આનો ઉત્તર તે વ્યક્તિના આખા જીવન પર્યંતના કાર્યાકાર્યના નિર્ણય ઉપર અવલંબે છે. જન્મતાં વેંત માતા પિતા આદિ સ્વજનવર્ગ હર્ષ પામે છે, પરંતુ એક નીતિકારે કહ્યું છે કે, 'હે બાળક! તારા જન્મ વખતે તું રૂએ અને લોકો હસે, અને મૃત્યુ વખતે તું હસે અને લોકો રૂવે. આવી પરિસ્થિતિ જીવન પર્યંત તૈયાર કરજે' આ શબ્દોનું રહસ્ય જો મનુષ્ય પોતાના હૃદયમાં પ્રકટાવે અને કાર્યાકાર્યનો નિર્ણય મનની વિશુધ્ધિદ્વારા કરતો રહે તો એ નીતિકારના અણમુલ વચન સત્ય કરી બતાવવાનો પ્રસંગ ઉપસ્થિત થયા વગર રહે નહિ.

જીવનમાં સારા સંસ્કારો ઉપચિત કર્યા પછી ભૂતમાત્રમાં આત્મવત બુધ્ધિ થાય, તેઓનું સુખદુ:ખ એ મારૂં સુખ દુ:ખ છે એવી વિશ્વવ્યાપી વિશાળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવના હૃદયમાન થાય ત્યારે મનુષ્યમાં અપૂર્વ દિવ્યતા પ્રકટ થાય છે; જે દિવ્યતા વડે બીજા અનેક આત્માઓને અંધકારના માર્ગમાંથી પ્રકાશના માર્ગમાં તે મનુષ્ય મુકી શકે છે. હૃદયનું સાંકડાપણું અને મિથ્યાભિમાન આદિ મનુષ્યના દુર્ગુણોને આ સંસારના અગ્નિથી ભસ્મીભૂત કરવા અને એજ તાપની ધગધગતી ભઠ્ઠીમાં આત્માના તુચ્છ અહંત્વને મૈત્રીભાવનાની દિવ્યતામાં ઓગાળી નાંખવું, એ આ જન્મના મનુષ્ય જીવન તરીકેની વાસ્તવિક સાર્થકતા છે. જે વડે દેહતત્વનો વિલય થાય તેના ધર્મોને પોતાના ધર્મો ન લેખતાં પુદ્‌ગળના ધર્મો તરીકે લેખાય એવી આચરણા તે ભાવના બળનું ફળિત પરિણામ છે.

અન્યના હિત અર્થે આપણા નાના મોટા સ્વાર્થોની અવગણના કરવી, તેમના સુખ અને તૃપ્તિમાં આપણું સુખ અને તૃપ્તિ ઉપજાવી લેવી, વિશ્વના જીવો સાથે આપણી એકાકારતા થવા સુધીની બુદ્ધિ અનુભવવી, એ જૈન દર્શન અનુસાર ભાવનાબળનો રાજમાર્ગ છે. વિશ્વસેવાની વેદિમાં પોતાના સુખ અને સાધનોની આહુતિ આપનાર વીરપરમાત્માનું જીવન આપણને પરોક્ષ રીતે અપૂર્વ આત્મબળ પ્રેરી રહ્યું છે.

નાની નાની સગવડોનો ભોગ આપતાં ક્રમે ક્રમે અંતરાત્મપણું પ્રકટે છે અને મૈત્રીભાવના વૃદ્ધિ ( Progress ) પામે છે. 'મારા' પણું અને 'હું' પણું ભુલાવવા માટેજ શાસ્ત્રકારોની પ્રવૃત્તિ હમેશાં સૂચના આપતી રહી છે. પ્રત્યેક વ્યક્તિ જ્યારે પોતાનું સુખ સાચવવા તૈયાર હોય છે ત્યારે તે એક નાના દૃષ્ટિબિંદુ ( Point of view ) માં સંકોચાઈ જાય છે. અને તેની મર્યાદા બહુ ટુંકી હદમાં આવી જાય છે; પરંતુ જ્યારે વિશ્વનાં સુખ ભણી દૃષ્ટિ કરે છે અને તેમનું સુખ સાચવવા પ્રયત્નશીલ બને છે ત્યારે તે તેની ભાવનાના પ્રમાણમાં વિકસિત થાય છે. કે મતલબ જે પ્રમાણમાં મનુષ્ય સુખનો ભોગ આપી શકે તે પ્રમાણમાં તેની મહત્વતા છે.

'**भावना भवनाशिनी**' એ શબ્દો આવી ઉચ્ચ ભાવના માટે યોજાયેલા છે. દાન, શીલ, તપ અને ભાવનારૂપ ધર્મના મુખ્ય અંગોમાં ભાવનાની મુખ્યતા હમેશાં ગવાઈ રહી છે. તેમજ '**यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी**' એ મહાન્ વાકયનો, વિજયઘોષ ઉચ્ચ સ્વરે પ્રત્યેક દર્શનકાર કરી રહેલાં છે. જેમ ઉચ્ચ આચાર ઉચ્ચ ભાવનાને પ્રકટાવે છે તેમ ઉચ્ચ ભાવના ઉચ્ચ આચારને ટકાવી રાખે છે. પરસ્પરનો સંબંધ અવિચ્છિન્ન છે, હું કુદરતનું એક હથીયાર છું, કાર્યસંકલનાઓ મારા મારફત ફલવતી થાય છે—એવી ભાવના આત્મબળની પોષક છે અને એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવના પ્રકાશિત કરવા માટે જ અથવા બીજા શબ્દોમાં 'અંતરાત્મપણું' પ્રકટ કરવા માટે જ સત્સંગ અને સદ્દગુરૂના ઉપદેશો છે.

આત્માનું સાચું સ્વાતંત્ર્ય સ્વચ્છંદ પ્રવૃત્તિમાં નથી. એમર્સન વિગેરે પાશ્ચાત્ય તત્વજ્ઞો કહે છે કે-'અંતઃકરણ જે પ્રમાણે વર્તવાનું કહે તે પ્રમાણે દરેક મનુષ્યે વર્તવું' પરંતુ જૈન દૃષ્ટિએ આ એક અપેક્ષાએ સત્ય છે, કેમકે અંતઃકરણ પ્રમાણે વર્તવા જતાં તે અંતઃકરણનું વિચારસામર્થ્ય જ્યાંસુધી બળવત્તર અને હમેશાં શુભ પરિણામ ઉત્પન્ન કરવા લાયક થયું હોતું નથી ત્યાંસુધીમાં અમુક ભૂમિકા પ્રાપ્ત કર્યા વગરના અંતઃકરણના અવાજ અનુસાર ચાલવું તે સાહસ છે. માટેજ શ્રદ્ધા, શાસ્ત્રમર્યાદા અને સત્સંગ તેમજ જીવનકાળના આજુબાજુના પ્રસંગો તરફ દૃષ્ટિપાત કરવાની જરૂર હોય છે અને એ પ્રસંગો ઉપરથી થયેલી કાર્યાકાર્યની પદ્ધતિનો અંતઃકરણ નિર્ણય કરે અને તદનુસાર વર્તવું એ પ્રત્યેક મનુષ્યનું કર્ત્તવ્ય છે.

ગમે તેવા હર્ષ, શોક, સુખ દુઃખ અને આવા અસારતાના પ્રસંગોમાં પોતાને નિર્બળતા ન સ્પર્શ થવા દેવામાં ખરેખરૂં આત્મબળ પ્રકટ કરવાની શરૂઆત થાય છે. 'હું મારા સ્વરૂપનો માલીક છું, કર્મજન્ય નિમિત્તોને વશ થઇ તેની પ્રકૃતિ અનુસાર મારે તેના પ્રવાહમાં તણાવું કે નહિ તે મારી ઇચ્છાનો વિષય છે–એમ દૃઢતાથી વિચારવામાં જ આત્માનું સાચું સ્વાતંત્ર્ય છે.

ભાવનાબળનું મૂળ તત્ત્વ શ્રદ્ધા છે. આ શ્રદ્ધા જ્ઞાનપૂર્વક હોવી એ અનેક જન્મોના સર્વજ્ઞ શાસનસેવાના પરિણામે પ્રકટ થાય છે. સર્વજ્ઞ શાસનનું ખરૂં રહસ્ય સમજનાર આત્મા કર્મના પ્રકારોને સારી રીતે તેના મર્મસ્પર્શી પ્રહારોના પરિણામ પૂર્વક જાણે છે. કર્મની બાહ્ય સામગ્રીથી નિર્બળ આત્માઓ જલ્દી રંગાઇ જાય છે; પરંતુ વીર્યવાન અને મુક્તિપદની તીવ્ર જિજ્ઞાસાવાળા મનુષ્યોને સુખ દુઃખાદિ બાહ્ય સામગ્રીનું સાધન ખાસ કરીને અસર કરી શકતું નથી. વેદનીય કર્મના ઉદયકાળે ઉન્નત આત્માઓ ક્ષુદ્ર દુઃખ સુખના અનુભવો માટે બેદરકાર રહે છે, જ્યારે નિર્બળ આત્માઓ અલ્પ સુખ દુઃખને પણ તીવ્રપણે વેદે છે. ભાવનાના પ્રદેશમાં સંસ્કારો અનુસાર આ રીતે બન્નેનું તારતમ્ય હોય છે.

બળવાન આત્માઓ આ ભાવનાબળ હમેશાં દૃષ્ટિ સમક્ષ રાખતા હોવાથી કલેશમય વાતાવરણ કદી પણ તેને અસર કરી શકતું નથી; પરંતુ જ્યારે આ ભાવનાની ભવ્યતા ભૂલી જવામાં આવે છે, ત્યારે નજીવા કલેશોમાં શક્તિનો વ્યય કરવામાં આવે છે અને પોતાના તેમજ પરના આત્મામાં જે ઉન્નત ભાવના પ્રકટ થવી જોઇએ તે નહિ થતાં પરસ્પર કલેશનું નિમિત્ત કારણ બને છે, કેમકે **'अहं मम'** નો મંત્ર ત્યાં ભૂલી જવામાં આવતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન દર્શનનું સમગ્ર રહસ્ય પ્રાણીસેવા-મૈત્રીભાવના અર્થે જે આત્માઓનુ સતત પ્રયાણ હોય છે-તેમને માટે પ્રાપ્ત થયેલું હોય છે. તેઓ પોતાની આસપાસ એવું સુંદર વાતાવરણ ઉત્પન્ન કરે છે કે જેથી આખું વિશ્વ તેની સ્તુતિ કરવા લાગી પડે છે. મૈત્રીભાવનાના પ્રયોગ (action) માંજ ઉગ્ર ચમત્કાર છે. વિશ્વકલ્યાણની પ્રબળ ભાવના અને એ અર્થેજ જેમનું જીવન ગતિમાન્ થઇ રહેલું છે તેઓ મનુષ્ય જીવનમાં મહાન્ વ્યક્તિ તરીકે પૂજાય છે.

ફત્તેહચંદ ઝવેરભાઇ.

# રહેવાનાં મકાનોની તંગી.

( લે. રા. રા. નરોતમદાસ બી. શાહ-મુંબઇ )

મુંબઇમાં મકાનોની અત્યંત તંગી છે અને જરૂરી વસ્તુઓ તથા મજુરીના ભાવોમાં હદ ઉપરાંત વધારો થવાથી જરૂર પુરતાં મકાનો પુરા પાડી શકાતા નથી તે ભાગ્યેજ જણાવવાની જરૂર છે. મુંબઇમાં રહેવાનાં મકાનોની પુરેપુરી જરૂર છે એમ દીર્ઘ સમયથી જણાયું છે, પરંતુ ગરીબ તેમજ તવંગર સૌને સહન કરવું પડે છે. જો કે આપણામાંના ઘણા ખરા લોકોને આથી સહન કરવું પડે છે, તો પણ કેટલોક વર્ગ એવો છે કે જેઓ આ સંબંધમાં સૌથી વધારે મુશ્કેલીભરી સ્થિતિ ભોગવે છે. મીલના કામદારોને તથા બીજા મજુરોને આવી દુઃખદ સ્થિતિમાંથી મુક્ત કરવા માટે સરકાર તરફથી ઘણુંજ કરવામાં આવે છે. આ સ્થળે મારે કહેવુ જોઇએ કે મધ્યમ વર્ગના તેમજ તદ્દન ગરીબ જૈનો પણ એવીજ દુઃખદ હાલતમાં છે, તેઓના સંજોગો, સામાજીક રીતરીવાજો, ધાર્મિક નિયમો, તેઓની રહેણી કરણી વિગેરે મીલોના કામદારો તથા બીજા ગરીબ લોકોથી એટલે બધે દરજ્જે જુદાજ છે કે અજાણ્યા પાડોશમાં વસવું તે તેઓને માટે અશક્ય છે. ગરીબ લોકોની સ્ત્રીઓ પણ મજુરી કરીને પુરૂષ વર્ગની કમાણીમાં ઉમેરો કરે છે, પરંતુ મધ્યમ અને ઉંચા વર્ગના કુકુંબોમાં આ પ્રકારના સહકારના દ્રષ્ટાંતો જવલ્લેજ જોવામાં આવેછે. તેવા કુટુંબો અવિભક્ત હોય છે, જ્યાં એક અથવા બે માણસો રળેછે અને બીજા તેના ઉપર આધાર રાખે છે. આ વર્ગના લોકો ઉપર ખાસ કરીને મહાન જગદ્વ્યાપી યુદ્ધ પછીની સ્થિતિથી ભારે અસર થઇ છે. તેઓના ઉપર ખર્ચનો બોજો અત્યંત વધી ગયેલ છે અને હમણાં તો લગભગ અસહ્ય થઇ પડેલ છે. ગરીબ લોકો ખરેખરી સહાનુભૂતિને પાત્ર છે એમાં લેશ પણ સંદેહ નથી, પરંતુ તે સાથે સરખાવતાં મધ્યમ વર્ગના લોકોની રહેવાની સગવડ તે કરતાં પણ વધારે ખરાબ છે, એમ હું માનું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓની દુ:ખદાયક સ્થિતિ ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે અને હું આશા રાખુછું કે આપણી કોમના ધનવાનો આ વર્ગના લોકોને મદદ આપવા પોતાનો ઉદાર હાથ જરૂર લંબાવશે.

જેમ બને તેમ સસ્તાં ભાડાંની હવાપ્રકાશવાળી ચાલીઓની ખાસ આવશ્યકતા છે. અને મને આશા છે કે કોમના શ્રીમાનો પોતાના ગરીબ ધર્મબંધુઓ તરફ સહાનુભુતિ દર્શાવશે અને તેમને માટે સસ્તા ભાડાની ચાલીઓ તૈયાર કરવા માટે પોતાથી બનતું કરશે. સંભવ છે કે તેની અંદર રોકાયેલ રકમનો ભાડાના રૂપમાં યોગ્ય બદલો નહિ મળે, છતાં ગરીબ અને મધ્યમવર્ગના પોતાના ધર્મબંધુઓ ને મદદ કરવી તે સર્વથા ઉચિત છે અને સ્વધર્મીઓ તરીકે તેઓની કોમના શ્રીમાનોની સહાનુભૂતિ ઉપર તેઓનો કેટલોક હક્ક છે. ગયે વર્ષે અહિંઆ સ્થપાયલી જૈન સેનિટરી એસોસીએશન નામની સંસ્થાએ દાદરમાં ૪૦ ઓરડીનું ત્રણ મજલાનું એક મકાન ભાડે રાખેલ છે. તેની સઘળી ઓરડીયો રોકાઇ ગયેલ છે અને વધારે ઓરડીયો માટે સંખ્યાબંધ અરજીઓ આવેલી છે; પરંતુ દિલગીરીની વાત છે કે ઘણા ખરા શ્રીમાનોએ આ ફંડમાં પોતાનો ફાળો હજુ સુધી આપ્યો નથી. એવા પ્રકારની ટુંક મુદત માટેની મદદથી પોતાનો ઇચ્છિત હેતુ કેટલે દરજ્જે સિદ્ધ થશે તે ઉક્ત યોજના ઘડનારાઓને માટે વિચારણીય વિષય છે.

# જૈનોમાં કેળવણી સંબંધી મારા અંગત વિચારો.

( લે૦—રા. રા. નરોતમદાસ બી. શાહ—મુંબઇ )

આપણા લોકો કેળવણીની પ્રગતિનું માપ તે સંબંધના આંકડાઓ ઉપરથી કાઢવાને સ્વાભાવિક રીતે ટેવાયલ છે. ગવર્નમેંન્ટ તરફથી જે વાર્ષિક રિપોર્ટો બહાર પાડવામાં આવે છે તેનાથી આપણે આંકડાઓ જાણી શકીએ છીએ અને તે ઉપરથી સંખ્યામાં કેટલો વધારો થાય છે તેનો નિર્ણય કરી શકાય છે. કેળવણીના વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે પ્રાથમિક, માધ્યમિક તથા વિશિષ્ટ શાળાઓમાં અને કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા કેળવણીની પ્રગતિ સંબંધી નિર્ણય બાંધવામાં એક સાધન માત્ર છે, પરંતુ જૈન વિદ્યાર્થીઓની રીતભાતમાં અને આચાર વિચારમાં કેટલો સુધારો થયો છે તેનો આ રિપોર્ટો ઉપરથી ઘણો થોડો ખ્યાલ આવી શકે છે. પ્રાથમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓમાંથી માત્ર તેર ટકા જેટલા વિદ્યાર્થીઓ માધ્યમિક શાળામાં અભ્યાસ ચાલુ રાખે છે, અને માત્ર એકજ

For Private And Personal Use Only

ટકો કૉલેજમાં અભ્યાસ કરે છે. જૈન કોમમાં કેળવણીની પ્રગતિનું આ શુભ ચિહ્ન ગણી શકાય નહિ. તેથી જૈન કોમને માટે એટલી જરૂર છે કે કેળવણીને લગતા જે આંકડા ગવર્ન્મેન્ટ તરફથી દરવર્ષે પ્રસિદ્ધ થાય તેની સાથે શિક્ષકોએ અને કેળવણી ખાતાના અનુભવી અધિકારીઓએ લખેલ નોંધો પણ બહાર પાડવી જોઇએ, જેના વગર ઉક્ત રિપૉર્ટ તદ્દન નિરૂપયોગી છે આ પ્રકારની નોંધને અભાવે આપણે એ આંકડાઓથી સંતોષ માનવો પડે છે, અને 'ભણેલા' તથા 'અભણ' ના આંકડાઓ જોવાથી આપણને લાગે છે કે આપણે સારી પ્રગતિ કરીએ છીએ. જૈન કોમના સંબંધમાં આ આંકડાઓ તરફ જોતાં એટલું કબુલ કરવું જોઇએ કે જૈનોમાં કેળવણી સંગીન પ્રકારની અને બુદ્ધિ ખીલવનારી હોતી નથી. ઘણા ખરા જૈનો અર્ધ-શિક્ષિત અને સાચી કેળવણીથી રહિત હોય છે, અને તેઓ પોતાની નિર્માલ્ય અધુરી કેળવણીને આધારે રળી ખાતા હોય છે. ખરેખરો માનસિક વિકાસ અને કેળવણીને માટે અત્યંત માન–જે ખરેખરી કેળવણીનાં ચિહ્નો ગણાય છે તેનો પણ તેટલો જ અભાવ જોવામાં આવે છે. જૈનોમાં આવા પ્રકારની હલકી અને નિર્માલ્ય કેળવણી છે તેનું એક મુખ્ય કારણ એ છે કે કેળવણીના ઉત્કર્ષને માટે અસંખ્ય જુદી જુદી સંસ્થાઓ સ્થાપવાની ચાલુ પદ્ધતિને બદલે માનસિક વિકાસ કરનારી એક પણ સારા બંધારણ વાળી સંસ્થા નથી. કેળવણીને લગતી હીલચાલોમાં કોઇ પણ ધોરણને વળગી રહેવાનો યત્ન કરવામાં આવતો નથી, પરંતુ ઘણા ખરા જૈનો તો જેમ બને તેમ વ્હેલા પૈસા મેળવવા પુરતી શાળાની કે કૉલેજની સસ્તી કેળવણી ઉતાવળથી પ્રાપ્ત કરવા ચિંતાતુર હોય છે. ઘણા ખરા માબાપો પોતાના પુત્રો પ્રતિભા સંપન્ન થાય તે કરતાં પૈસા રળતા થાય તે વધારે પસંદ કરે છે. આનું પરિણામ એ આવ્યું છે કે આપણને ભાગ્યેજ પ્રતિભાસંપન્ન મનુષ્યો જડી આવે છે, જો કે બજારોની અંદર ઘણા એક ફત્તેહમંદ દલાલો અને વેપારીઓ આપણા જોવામાં આવે છે. પણ આપણે સમજવું જોઇએ કે કોઇ પણ પ્રજા આ ક્ષણિક જીવનના લાભો માટે જીવી શકે નહિ. ભૌતિક સંપત્તિ ઈચ્છવા જોગ છે. તેમજ મનુષ્યે ધાર્મિક અને માનસિક કેળવણી પ્રાપ્ત કરવા યત્ન કરવો જોઇએ. જે જડવાદ આપણી કોમને અધોગત દશાએ પહોંચાડવા ધમકી આપી રહેલ છે, તેના વધતા જતા વેગને રોકવાની મહાન અગત્ય છે. જૈનોમાં કેળવણી ખાસ કરીને સાંસારિક હેતુઓ માટે થઇ પડેલ છે તે અટકાવવા માટે કેળવણીના હેતુઓ ઉંચા પ્રકારના અને વિશાળ બનાવવાની મુખ્ય જરૂર છે. આવા સંજોગોમાં જૈન કોમમાં એક સારા બંધારણવાળી કેળવણીની સંસ્થાની જરૂર છે કે જેમાંથી ખરેખરૂં માનસિક, કોમીય, અને પ્રજાકીય વાતાવરણ રચી શકાય. આ હેતુની સિદ્ધિઅર્થે આપણે જૈન મહાન સંસ્થા સ્થાપીએ તે પહેલાં કેળવણીના ઉત્કર્ષ માટે હમણાં આવી એક સંસ્થા સ્થાપવાની જરૂર છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ આમ છતાં સંતોષની વાત છે કે મુંબઇ ઇલાકાની જાહેર કેળવણી ખાતાના ડાયરેક્ટર સાહેબને ‘જૈન કોમમાં કેળવણી’ એ વિષય ઉપર સલાહ આપવાની વિનંતી કરવાથી તેઓ સાહેબે તે સંબંધી કેટલીક સરકારી સ્કૂલોના હેડમાસ્તરો તથા કેળવણી ખાતાના અનુભવી ઇન્સ્પેકટરોએ લખેલ નોંધો જૈન કોમને પુરી પાડવા મહેરબાની બતાવેલ છે જે માટે જૈન કોમ તે અધિકારી સાહેબની સહાને માટે ઋણી છે.

૩ મુંબઇ ઇલાકાના મધ્યવિભાગના કેળવણી ખાતાના ઇન્સ્પેકટર મી. લૉરીએ કરેલી નીચેના નોંધ બાબુ પનાલાલ પુનમચંદ જૈન હાઇસ્કુલના વ્યવસ્થાપકોએ ધ્યાનમાં લેવા લાયક છે “જૈનો વેપારકુશળ છે અને તેમને મુખ્યત્વે કરીને વેપારના હેતુ માટે માધ્યમિક કેળવણીની જરૂર છે. આ વાત ધ્યાનમાં રાખીને બાબુ પી. પી. જૈન હાઇસ્કુલમાં કેટલાક અઘરા અને બીનજરૂરી વિષયો તેમજ બીજી ભાષા કાઢી નાંખીને ફેરફાર કરેલો અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. બીજી ભાષા, બીજ ગણિત. અને ભુમિતિ સહિતનો આ અભ્યાક્રમ જૈન બાળકોના મોટા ભાગને માટે તદ્દન અયોગ્ય છે.” અને તેઓ સાહેબ સૂચના કરે છે કે જે અભ્યાસક્રમ મુંબઇ ઇલાકાની બીજી હાઇસ્કુલોમાં ચલાવવામાં આવે છે તે આ હાઇસ્કુલમાં પણ ચલાવવો જોઇએ. જેથી કરીને તે બીજી હાઇસ્કુલોની સાથે સ્પર્ધામાં ઉતરી શકે, તેમજ ઉકત હાઇસ્કુલ નીભાવવાના મૂળ વિચારમાં ક્ષતિ થવા ન પામે.

૪ કેળવણી ખાતાના ડેપ્યુટી ઇન્સ્પેકટર રા. રા. બી. એન. દેશાઇ એ જૈનોમાં કેળવણીની સ્થિતિ સંબંધી પોતાના વિચારો દર્શાવીને જૈન કોમની મહાન સેવા બજાવી છે. તેમની નોંધ ઉપર કોમના હિતેચ્છુઓએ સંભાળ પૂર્વક વિચાર કરવો ઘટે છે. તેઓ સાહેબ કહે છે કે પોતાના લાંબા વખતના અનુભવથી અને જૈનો સાથેના પોતાના સીધા સહવાસથી તેઓના મન ઉપર એટલી ઉંડી અસર થઇ છે કે તેઓશ્રી જૈનોમાં કેળવણીની ખામીઓના કેટલાક કારણો નીચે મુજબ ગણાવે છે. “અનિવાર્ય જરૂર કરતાં વધારે પૈસા ખર્ચાય છે અને અજ્ઞાન, બિન અનુભવ, સહકારની ખામી તેમજ સંસ્થાઓના બાહુલ્યને લઇને પૈસાનો દુરૂપયોગ થાય છે.” જૈનોની વસ્તીના પ્રમાણમાં તેઓમાં કેળવણીની જોઇએ તેટલી પ્રગતિ થઇ નથી, તે જોતાં રા. રા. દેશાઇની નોંધ તદ્દન વ્યાજબી છે એમ મારૂં ખાતરી પૂર્વક માનવું છે. અને જો જૈન એજ્યુકેશન બૉર્ડ, જૈન કૉન્ફરન્સ, જૈન એસોસીએશન ઑફ ઈંડિઆ તથા કેળવણીની સુધારણાને માટે પ્રયાસ કરતી બીજી કેટલીક સંસ્થાઓ તેમજ કેળવણીની પ્રગતિને માટે સ્કૉલરશિપોનાં રૂપમાં કે કોઇ બીજી રીતે પૈસા આપનાર ગૃહસ્થો રા. રા. દેશાઇની સૂચના મુજબ કેળવણીની ખામીઓ સુધારવાને યોગ્ય લક્ષપૂર્વક યત્ન કરશે તો તેમની નોંધ ઘણી ઉપયોગી થઇ પડે તેમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ "એવો એક પણ દાખલો મારા જોવામાં આવ્યો નથી કે જ્યાં પિતા, વાલી, મિત્રો કે મંડળો તરફથી જરૂરી આર્થિક મદદને અભાવે કોઇપણ ખરેખરી રીતે લાયક જૈન વિદ્યાર્થી આગળ કેળવણી ન લઇ શકયો હોય" રા. રા. દેશાઇના ઉપરોક્ત કથનના સંબંધમાં મારો એવો અભિપ્રાય છે કે તેમાં વધારે સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે, કેમકે તેમણે પોતાના વિચારો એક ઇન્સ્પેકટર તરીકેના અનુભવ ઉપર બાંધેલા છે અને તેમણે તે અનુભવ મુખ્યત્વે કરીને મુંબઇ અને અમદાવાદ-માંથી મેળવેલો છે. મારી માન્યતા એવી છે કે જૈન બાળકોની કેળવણી સંબંધી પરિસ્થિતિ ગામડાંઓમાં તદ્દન જુદી જ છે. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી કયો માર્ગ ગ્રહણ કરવો તે ગામડાંઓમાં જૈન વિદ્યાર્થી ભાગ્યે જ જાણી શકે છે. આ ઉપરથી મને ખાત્રીથી માનવાનું કારણ મળે છે કે ખાસ કરીને ગામડાંઓના વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ આગળ ચલાવવામાં મુંબઇ અને અમદાવાદ જેવા શહેરોના વિદ્યાર્થીઓ કરતાં વધારે મુશ્કેલી વેઠવી પડે છે.

૬ "કરકસર, સહકાર અને બીજા ઉપયોગી હેતુઓને માટે કોમના જુદા જુદા ફીરકાઓ તરફથી હસ્તીમાં આવેલ સઘળી કેળવણીની સંસ્થાઓને એક સર્વમાન્ય બૉર્ડ અથવા કૉર્પોરેશનની દેખરેખ નીચે મુકવા માટે એક મંડળ સ્થાપવાની" રા. રા. દેશાઇએ જે સલાહ કેળવણીની ખામીઓ સુધારવાના આશયથી આપી છે તે અતિ મહત્વની અને અતિ ઉત્તમ છે, જે માટે જૈન કોમ રા. રા. દેશાઇનો અંતઃકરણથી આભાર માને છે. મને દૃઢ આશા છે કે આપણી કોમના હિતેચ્છુઓ આના ઉપર વિચાર કરશે અને રા. રા. દેશાઇની સૂચનાનુસાર કેળવ-ણીની પ્રગતિને માટે એક સારા બંધારણવાળી સંસ્થા સ્થાપવામાં આવે તો તે વાંચ્છિત હેતુ સાધવામાં ઘણી ઉપયોગી થઇ પડશે.

૭ અમદાવાદની ગવર્નમેન્ટ મિડલ સ્કુલના હેડમાસ્તર રા. રા. એચ૦ એમ૦ મહેતા સૂચવે છે કે અમદાવાદની શેઠ ચીમનલાલ નગીનદાસ બૉર્ડીંગ જેવી બૉર્ડીંગો જીલ્લાના મુખ્ય શહેરોમાં ઉઘાડવી જોઇએ, જેમાં નવથી બાર વર્ષની ઉમ્મરના અવિવાહિત વિદ્યાર્થીઓને ફ્રી બૉર્ડરો તરીકે દાખલ કરવામાં આવે તો તેઓના ચારિત્ર્ય અને રીતભાત સારી રીતે ઘડી શકાય. આ વિચાર ઘણો સુંદર લાગે છે, જેના ઉપર શ્રીમાન જૈનોએ યોગ્ય વિચાર કરવો ઘટે છે. ઉપર સૂચવેલી યોજના શકય ન જણાય તો રા. રા. મહેતાના વિચાર પ્રમાણે એક સારૂં ભંડોળ ઉત્પન્ન કરવું અને તેનો સદુપયોગ સ્કૉલરશિપો આપવામાં કરવો, જેથી કરીને પ્રાથમિક, માધ્યમિક કે કૉલેજની કેળવણી માટે જુદી જુદી સંસ્થાઓ તેમજ ગૃહસ્થો તરફથી આપવામાં આવતી સ્કૉલરશિપો કોઇ પણ રીતે ભેળવાય નહિ, કેમકે આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્કૉલરશિપોનો લાભ લેવા ઇચ્છતા ખરેખરી રીતે લાયક જૈન વિદ્યાર્થીઓની યથાર્થ સ્થિતિ કોઇના જાણવામાં હોતી નથી.

૮ છેવટે હું દૃઢતાપૂર્વક આશા રાખું છું કે કેળવણીખાતાના અધિકારીઓની નોંધ સહિત જૈન કોમમાં કેળવણીના પ્રશ્નનું જે નિરાકરણ જૈન સમાજ સમક્ષ રજુ કરવામાં આવ્યું છે, તેના ઉપર કેળવણીની પ્રગતિમાં રસ લેનાર સજ્જનો પુરતું લક્ષ આપી વિચાર કરશે અને હાલમાં અપાતી કેળવણીની અસહ્ય ખામીઓ દૂર કરવાને રા. રા. દેશાઇની સૂચના મુજબ કોઈ યોજના ઘડશે તો મુંબઇ ઇલાકાની કેળવણી ખાતાના ડાયરેકટર સાહેબે કરેલી સેવા સફળ થઇ છે એમ લેખાશે.

# પ્રતિકૂળ અવસ્થાઓમાંથી છૂટવાનો અમોઘ ઉપાય.

( ગતાંક પૃષ્ટ ૨૯ થી શરૂ. )

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.

નિર્ધનતા અથવા અન્ય કોઇ પણ પ્રતિકૂળ અવસ્થાને સદાને માટે દૂર કરવાને સૌથી સીધો અને સરલ માર્ગ એ છે કે આપણે આપણી અંદરથી સ્વાર્થ યુક્ત વાસનાઓનો બહિષ્કાર કરવો, કારણ કે બાહ્ય અવસ્થાઓ અંતરંગ વાસનાઓની પ્રતિરૂપ છે અને તેથી જ્યાં સુધી અંતરંગ વાસનાઓ રહેશે ત્યાં સુધી બાહ્ય અવસ્થાઓમાં પરિવર્તન થઇ શકશે નહિ. સાચી સંપત્તિ પ્રાપ્ત કરવાનો એ માર્ગ છે કે આપણી પોતાની અંદર નીતિ અને સૌજન્યના વિચારો ઉત્પન્ન કરવા જોઇએ. જો આપણાં મનની અંદર ખરેખરા સૌજન્યના વિચારો ઉત્પન્ન નથી થતા તો પછી આપણે સુખી થઇ શકતા નથી અને શક્તિ પ્રાપ્ત કરી શકતા નથી. આપણે જાણીએ છીએ કે જેઓમાં સૌજન્યનો અંશ પણ નથી હોતો તેમજ જેઓને સજ્જન બનવાની ઇચ્છા પણ નથી હોતી એવા મનુષ્યો ઘણી સારી ભૌતિકકમાણી કરે છે, પરંતુ સ્મરણમાં રાખો કે તે કમાણી સાચી કમાણી નથી. તે ફક્ત થોડા દિવસને માટે જ હોય છે. એક મહાત્માનું કથન છે કે " મૂર્ખ અને દુષ્ટ લોકોની ચઢતી દશા જોઇને મને અત્યંત આશ્ચર્ય થયું. મને મહાન પશ્ચાત્તાપ થયો કે હું વ્રત, ઉપવાસ અને પૂજાભક્તિ વ્યર્થ કરૂં છું, પરંતુ જ્યારે હું પ્રભુના દરબારમાં ગયો ત્યારે ત્યાં મને તેનો સંતોષકારક ઉત્તર મળી ગયો અને તેનો મૂળ ભેદ મારા સમજવામાં આવી ગયો. " દુષ્ટોની બુદ્ધિએ જ ઉક્ત મહાત્માને પ્રભુના દરબારમાં મોકલ્યો હતો. ત્યાં તેને સર્વ સ્થિતિની માહિતી મળી. તેવી જ રીતે તમે પણ એ પવિત્ર મંદિરમાં પ્રવેશ કરો. એ મંદિર તમારી અંદર મોજુદ છે. એ આત્માની સર્વોચ્ચ અવસ્થા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એ અવસ્થામાં સઘળા પ્રકારના માનસિક વિકારો અને ક્ષણિક વિચારોનો નાશ થઇ જાય છે અને પરમાત્માનું સ્વરૂપ પ્રત્યક્ષ ગોચર થવા લાગે છે. એ અવસ્થાને જ પરમાત્માવસ્થા કહેવામાં આવે છે. એ જ ઇશ્વરનું પવિત્ર મંદિર છે. જ્યારે તમે કોઇ કાર્ય કરી રહ્યા પછી તમારી ઇચ્છાઓનો નિરોધ કરીને અને કષાયોનો ક્ષય કરીને એ પવિત્ર મંદિરના દ્વાર પાસે આવશો ત્યારે તમને મનુષ્યોના વિચાર અને કાર્યના સારા વા ખરાબ પરિણામનું સ્વરૂપ સ્પષ્ટતઃ બુદ્ધિગત થશે. વળી જ્યારે તમે કોઇ દુષ્ટ મનુષ્યને બહારથી દ્રવ્યસંચય કરતો જોશો ત્યારે પણ તમારી શ્રદ્ધામાં જરા પણ ન્યૂનતા આવશે નહિ, કારણ કે તમે જાણી જશો કે એ મનુષ્ય એક દિવસ જરૂર ગરીબ બની જશે અને દુઃખી થશે. તેની ચઢતી થોડા દિવસ માટે જ છે. જે ધનવાન મનુષ્યમાં સૌજન્ય નથી તે વસ્તુતઃ નિર્ધન, દરિદ્ર છે. જેવી રીતે નદીનું પાણી સમુદ્રમાં જઇને ભળે છે તેવી જ રીતે જો કે તે મનુષ્ય ધનવાન છે, તો પણ વસ્તુતઃ તે નિર્ધનતા અને વિપત્તિની દિશામાં ધસડાય છે અને તે મૃત્યુ સુધી ધનવાન જ રહે તો પણ તેને પોતાનાં દુષ્કર્મોનું પ્રતિફળ ભોગવવા માટે અવશ્યમેવ પાછો જન્મ લેવો પડશે અને જ્યાં સુધી તે થોડા ઘણાં દુઃખનો અનુભવ કર્યા પછી પોતાની આંતરિક નિર્ધનતા ઉપર વિજય નહિ મેળવે ત્યાં સુધી તે જેટલીવાર ધનવાન બનશે તેટલીવાર તેને નિર્ધન બનવું પડશે. આથી ઉલ્ટું, જે મનુષ્ય બહારથી નિર્ધન છે, પરંતુ અંતરંગમાં ધનવાન છે અર્થાત્ જેના વિચારો ઉત્તમ છે, જેનું મન શુદ્ધ છે, તે જ યથાર્થ રીતે ધનવાન છે. દરિદ્રતામાં પણ તે સુખ અને ઐશ્વર્યની દિશામાં ગમન કરે છે અને હમેશાં અપરિમિત હર્ષ અને સંતોષ તેની રાહ જોઇ રહે છે.

જો તમારે ખરેખરી રીતે સ્થાયી સુખ મેળવવાની ઇચ્છા હોય તો પહેલાં તમારે એક નિષ્ઠ ધર્માત્મા બનવું જોઇએ. એ વિના સુખની ઇચ્છા કરવી, રાત્રિ દિવસ તેની ચિંતા કર્યા કરવી અને તે માટે નિરંતર ઉત્સુક રહેવું તે મૂર્ખતા છે. તમે એ પ્રમાણે કરશો તો તમારો આત્મા પતિત થશે. તમને કદિ પણ સફલતા પ્રાપ્ત થઇ શકશે નહિ. તમારી પોતાની જાતને ઉન્નત અવસ્થાએ પહોંચાડવાનો ઉદ્યોગ કરો. પરોપકાર અને નિઃસ્વાર્થ સેવાને તમારા જીવનનું ઉદ્દેશ્ય બનાવો, અને હમેશાં ઉત્તમ અને સ્થાયી સૌજન્યનો સ્વીકાર કરવાનો પ્રયત્ન સેવો.

તમે કહો છો કે "અમારે પોતાને માટે દ્રવ્યની આવશ્યક્તા નથી, પરંતુ તે દ્રવ્ય દ્વારા બીજાઓનું હિત કરવાનો અમારો વિચાર છે." જો વાસ્તવિક રીતે તમારો એવો વિચાર હોય તો તમને દ્રવ્ય અવશ્ય મળશે જ. પરંતુ તમારે યાદ રાખવું જોઇએ કે દ્રવ્ય પ્રાપ્ત કરીને તમારે દૃઢ અને નિઃસ્વાર્થ બનવું જોઇએ. તમારી બ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તને તે દ્રવ્યના સ્વામી માનવાને બદલે તમે તેના રક્ષક યાને ગુમાસ્તા માત્ર છો એમ સમજવું જોઇએ. તમારા ઉદ્દેશને સારી રીતે સમજી લ્યો. કારણ કે પ્રાયે કરીને આપણે જોઇએ છીએ કે મનુષ્યો એમ કહે છે કે જો અમારી પાસે દ્રવ્ય હોય તો અમે તે સઘળું પરોપકારનાં કાર્યોમાં વાપરીએ, પરંતુ તેઓની આંતરિક ઇચ્છા હમેશાં એવી રહે છે કે લોકો અમારાથી હમેશાં પ્રસન્ન રહે, અમારી પ્રશંસા કરે અને અમારી ગણના સુધારકો અથવા પરોપકારીઓમાં થાય. તમારી પાસે જે અલ્પ દ્રવ્ય છે તે વડે તમે બીજાઓનું હિત કરી શકતા નથી, તો પછી જ્યારે તમને અધિક દ્રવ્યની પ્રાપ્તિ થશે ત્યારે તમે તેથી પણ વિશેષ સ્વાર્થી બની જશો અથવા તમારાં દ્રવ્યથી બીજાઓનું હિત કરવાનો પ્રયત્ન કરશો તો તે કેવળ પ્રતિષ્ટા અને કીર્તિની ખાતર કરો છો એમ પણ માનવાનું કારણ મળશે. તેથી જો બીજાઓનું હિત કરવાની તમારી ખરેખરી ઈચ્છા હોય તો તેની ખાતર તમારે દ્રવ્યની રાહ જોવી જોઈએ નહિ. તમે અત્યારે જે સ્થિતિમાં મુકાયલા છો તેમાં જ બીજાઓનું હિત સાધી શકો તેમ છો.

તમે તમારી જાતને જેવા નિઃસ્વાર્થી અને પરોપકારી સમજો છો તેવા તમે નિશ્ચયપૂર્વક બનશો તો તમે અગવડો વેઠીને પણ બીજાઓનું ભલું કરી શકશો. તમે ગમે તેટલા નિર્ધન હશો તો પણ તમારામાં સ્વાર્થની આહૂતિ આપવાની શક્તિ રહેલી છે. તમે બીજાઓની ખાતર કાંઇને કાંઇ અર્પણ કરી શકો એમ છો. જે મનુષ્યનાં હૃદયમાં પરોપકારના અંકુરો વિદ્યમાન છે, જે ખરેખરા અંતઃકરણ પૂર્વક બીજાઓનું ભલું ચાહે છે તે દ્રવ્યની અપેક્ષા રાખતો નથી. એવો મનુષ્ય તો દ્રવ્યને બદલે પોતાનું જીવન અર્પણ કરી દે છે. તે પોતાનાં મનમાંથી સ્વાર્થ, દ્વેષ, કષાય અને કુવાસનાઓનો બહિષ્કાર કરી, સ્વપરનો ભેદભાવ ભૂલી જઇ મિત્ર અને શત્રુ સૌની સાથે સમાન વ્યવહાર કરે છે, સૌનું ભલું ચાહે છે અને સૌને લાભ કરે છે.

જેવી રીતે કાર્યકારણનો સંબંધ છે તેવી જ રીતે સુખ અને ઐશ્વર્યનો આંતરિક સૌજન્ય સાથે તથા નિર્ધનતા અને નિર્બળતાનો આંતરિક દૌર્જન્ય સાથે નિકટનો સંબંધ રહેલો છે. અર્થાત્ જેવી રીતે કારણ અનુસાર કાર્ય બને છે તેવી રીતે જો તમારા આંતરિક વિચારો સારા હશે તો તમને જરૂર સુખ અને ઐશ્વર્ય મળશે અને જો આંતરિક વિચારો ખરાબ અને મલિન હશે તો તમને દુઃખ અને સંતાપની જ પ્રાપ્તિ થશે.

સ્થૂલ દ્રવ્ય અને ઉચ્ચ પદવી વા પ્રતિષ્ટા ખરેખરી સંપત્તિ નથી. આપણી નિષ્ટા અને નીતિ આપણી ખરેખરી સંપત્તિ છે, અને તેને ઉચિત રીતે કામે લગાડવી એ જ આપણું ખરેખરૂં બળ છે. અર્થાત્ આપણે બીજાની સાથેના વ્યવહારમાં જેટલું નીતિમય વર્તન રાખશું તેટલું વધારે આપણું બળ છે એમ સમજાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે આપણાં હૃદયને શુદ્ધ બનાવશું, આપણાં મનને કાચ જેવું સ્વચ્છ રાખશું તો આપણું જીવન સ્વતઃ સુધરી જશે. વિષયવાસના, રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માયા, અહંકાર, સ્વાર્થ અને દુરાગ્રહ એ સઘળાં નિર્બળતા અને નિર્ધનતાના ચિન્હો છે. એથી ઉલ્ટું, પ્રેમ, પવિત્રતા, નમ્રતા, સભ્યતા, શીલ, સંતોષ, દયા, અનુકમ્પા, ઉદારતા, નિઃસ્વાર્થતા, ઇંદ્રિય નિગ્રહ અને આત્મ-સંયમ એ સર્વ સંપત્તિ અને બળના સૂચક છે.

જયારે મનુષ્ય નિર્ધનતા અને નિર્બળતાનાં કારણોને દૂર કરી દે છે ત્યારે તેની અંદર સ્વયમેવ એક અક્ષય અને અજય્ય શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે અને જે મનુષ્ય ઉચ્ચ કોટિનો ધર્માત્મા બની જાય છે તે સમસ્ત સંસારને પોતાને આધીન કરી લે છે.

પરંતુ તવંગર અને ગરીબ સર્વને પ્રતિકૂળ અવસ્થાઓમાંથી છૂટવું પડે છે. ગરીબોની અપેક્ષાએ તવંગર લોકોને વધારે કષ્ટ ઉઠાવવું પડે છે. આથી એટલું સ્પષ્ટ થાય છે કે સુખનો આધાર સાંસારિક વસ્તુઓ ઉપર નથી. સુખનો આધાર મનુષ્યનાં અંતરંગ જીવન ઉપર રહેલો છે. ધારો કે તમે એક શ્રીમાન શેઠ છો અને સારા નોકરો ન મળી શકવાથી તમારે મોટી તકલીફ ઉઠાવવી પડે છે. કોઇ વખત સારા નિમકહલાલ નોકરો મળી જાય છે તો તેઓ જલ્દી નોકરી છોડીને ચાલ્યા જાય છે. આનું પરિણામ એ આવે છે કે ધીમે ધીમે લોકો ઉપરથી તમારો વિશ્વાસ ઘટી જાય છે અથવા તદ્દન ઉઠી જાય છે. તમો તમારા નોકરોને પગાર વધારે આપતા હો અને તેઓને પહેલાં કરતાં વધારે છૂટ આપતા હો તોપણ નોકરોની એજ સ્થિતિ રહે છે. આવી સ્થિતિમાં તમને એટલી સલાહ આપવી યોગ્ય છે કે તમારી મુશીબતોનાં કારણો તમારા નોકરોમાં નથી, પરંતુ તમારા પોતાનામાં જ છે. જો તમે તમારા પોતાનાં હૃદયની અંદર પ્રવેશ કરીને જોશો અને શુદ્ધ અંતઃકરણથી તમારા પોતાના દોષોને શોધી કાઢવાનો અને તેને દૂર કરવાનો પ્રયત્ન કરશો તો કોઈને કોઇ વખતે તમારા દુઃખ અને કષ્ટનાં કારણો તમારા જાણવામાં આવી જશે. સંભવિત છે કે તમારામાં કોઇ એવા પ્રકારની સ્વાર્થયુક્ત ઇચ્છા હોય અથવા તમારા મનમાં એવા પ્રકારનો અવિશ્વાસ યાને અપ્રિય ભાવ હોય કે જેનો વિષમય પ્રભાવ માત્ર બીજાઓ ઉપર નહિ, પરંતુ તમારા પોતાના ઉપર પડતો હોય. ભલે તમે તેને તમારા ભાવો અને શબ્દોદ્વારા પ્રદર્શિત પણ ન કરતા હો. તમારા નોકરોની સાથે હમેશાં દયાળુપણે વ્યવહાર કરો, તેઓના સુખદુઃખ નિરંતર લક્ષમાં રાખો, કોઇ પણ દિવસ તેઓની પાસેથી હદથી વધારે કામ ન લ્યો અને એમ વિચારો કે તમે જો તેઓની સ્થિતિમાં હોત તો તમે પોતે પણ તેટલું કામ કરવું પસંદ ન કરત. એટલું તો નિઃસંદેહ છે કે નોકરોમાં એટલી નમ્રતા હોવી જોઇએ કે તેણે પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માલેકની ભલાઇનો ગેરૂપયોગ ન કરવો, એ ઘણુંજ સુંદર અને ઉત્તમ છે; પરંતુ એથી અધિક ઉત્તમ અને સુંદર એ નમ્રતા તથા ઉદારતા છે કે જેને લઇને માલેક પોતાનું સુખ ભૂલી જઇને પોતાના આધીનસ્થ નોકરો અને આશ્રિતોના સુખનો જ ખ્યાલ રાખે. આવા મનુષ્યની પ્રસન્નતા દશ ગણી વધે છે અને તેને કોઇ વખત પણ પોતાના નોકરોની ફરિયાદ કરવાની જરૂરીયાત રહેતી નથી. એક સુપ્રસિદ્ધ મનુષ્ય કે જેને ત્યાં અનેક નોકરો હતા અને જેને કદાપિ એકપણ નોકરને રદ કરવાની જરૂર પડી નહોતી તેનું કથન છે કે " મારા નોકરો હમેશાં મારાથી પ્રસન્ન અને સંતુષ્ટ રહેછે. તમે એનું કારણ પૂછશો તો હું એટલુંજ કહી શકું કે મારી પ્રથમથી જ એવી ઇચ્છા હતી કે હું તેઓની સાથે એવો વ્યવહાર કરૂં કે જેવા વ્યવહારની બીજા લોકો તરફથી હું ઇચ્છા રાખું." બસ, આજ સફલતાનું રહસ્ય છે. આ પ્રમાણે કરવાથી જ મનુષ્ય સર્વ પ્રકારનાં સુખ પ્રાપ્ત કરી શકે છે અને પ્રતિકૂળ અવસ્થાઓમાંથી છૂટી શકે છે. જો તમે એમ કહેતા હો કે "હું એકલો છું, મારી સાથે કોઇ પ્રેમપુર્વક વ્યવહાર કરતું નથી અને આ સંસારમાં મારો કોઇપણ મિત્ર યાને સહાયક નથી." તો તમારા હિતની ખાતર તમને એટલું જ કહેવું બસ છે કે એ વિષયમાં તમે તમારા પોતાના સિવાય બીજા કોઇ ઉપર દોષ ન મૂકો. એમાં સર્વથા તમારો પોતાનો જ દોષ છે. બીજાઓની સાથે મિત્રતાનો વ્યવહાર આદરો અને તમે જોશો કે સેંકડો મનુષ્યો તમારા પ્રતિ આકર્ષાઇ આવશે. તમે તમારી જાતને શુધ્ધ, સદાચારી, અને પ્રેમપાત્ર બનાવો અને તમને અનુભવ થશે કે સર્વ લોકો તમારી સાથે મૈત્રી અને સ્નેહ કરવા લલચાશે. એક સુવિખ્યાત વિદ્વાનનું કથન છે કે જ્યાં જ્યાં પાણી મીઠું હોય છે ત્યાં ત્યાં સઘળા પશુપક્ષીઓ અને મનુષ્યો પીવા માટે દોડે છે.

જો તમે તમારાં હૃદયને શુધ્ધ બનાવશો અને તમારા મનને તમારે વશ કરી લેશો તો જે જે વસ્તુઓ તમારાં જીવનને દુ:ખમય બનાવી રહેલ છે તે સર્વને તમે એક ક્ષણમાં દૂર કરી શકશો. તમને નિર્ધનતા સતાવતી હોય, તમને ધનસંપત્તિ ઉપાધિ રૂપ લાગતી હોય અને દુ:ખ, તથા શોક અપ્રિય જણાતા હોય તોપણ તમે તમારા અંતરંગમાંથી સ્વાર્થને નિર્મૂળ કરવાથી એ સર્વને દૂર કરી શકશો. (અહિંઆ સ્મરણમાં રાખવાનું છે કે જે નિર્ધનતા દુ:ખ અને વિપત્તિનાં કારણરૂપ છે તે અર્થમાં નિર્ધનતા' શબ્દ વાપરવામાં આવ્યો છે ) સ્વાર્થને લઇનેજ એ સર્વ દુ:ખનાં કારણરૂપ બની રહેલ છે.

કર્મનો સિધ્ધાંત અટલ છે. જેવાં કર્મો આપણે પુર્વ જન્મમાં કર્યા હોયછે અથવા આ જન્મમાં કર્યા હોયછે તેનું ફળ આપણે ભોગવી રહ્યા છીએ. અત્યારે આપણે જેવાં કર્મો કરશું તેનું ફળ આપણે ભવિષ્યમાં ભોગવશું. આપ પ્રતિક્ષણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછલા કર્મોને ઉદયમાં લાવીએ છીએ અને ભવિષ્યને માટે નવીન કર્મો બાંધીએ છીએ. ધારો કે કોઇ મનુષ્યનું સર્વસ્વ ધન ચોરાઇ ગયું, અથવા કોઇ વ્હાલામાં વ્હાલું સ્વજન મરી ગયું, અથવા કોઈનું પોતાના ઉચ્ચ પદેથી અધઃપતન થયું, તો તે વખતે સમજવું જોઇએ કે તેણે પૂર્વ જન્મમાં કોઇ એવા બુરાં કર્મો કર્યાં હશે કે જેનું બુરૂં ફળ તેને મળ્યું. પરંતુ તેથી તેણે નિરાશ યાને હતોત્સાહ થવું જોઇએ નહિ કારણ કે તેનામાં નવિન કર્મો કરવાની શક્તિ રહેલ છે. તેણે વિચારવું જોઈએ કે "મેં પહેલાં કોઇ એવા બુરા કર્મો કર્યાં હશે કે તેનું આ ફળ મને મળ્યું. હું આ ફળ ઉદાસીનતા પૂર્વક ભોગવી લઉં અને ભવિષ્યને માટે શુભ કર્મોનો બંધ કરૂં, જેથી કરીને ભવિષ્યમાં મને તેનું સારૂં ફળ મળી શકે. જો આ વખતે એ દુઃખો ભોગવતાં મારા મનમાં દુઃખી થઇશ તો તેનાથી મને હાનિ ઉપજશે, કારણ કે આ સમયે દુઃખ માનવાથી અથવા કષાયવશાત્ બીજા લોકોને દોષ દેવાથી હું પુનઃ અશુભ કર્મોનો બંધ બાંધીશ અને તેનાં અનિષ્ટ ફળ મારે આગામી જન્મમાં ફરી વખત ભોગવવા પડશે." જે મનુષ્યો વર્તમાન દુઃખોને ઉદાસીનતાપૂર્વક સહન કરી લે છે, જેઓ શુભ કાર્યો કરવા માટે સદા યત્નશીલ રહેછે તથા જેઓ સત્યતા અને એકનિષ્ઠાને મજબૂત વળગી રહે છે તેઓ હમેશાં સુખી અને પ્રસન્નચિત્ત રહે છે.

જે મનુષ્યો સ્વાર્થમાંજ મગ્ન રહે છે તેઓ સ્વયં પોતાના શત્રુ બને છે અને તેઓ ચારે બાજુ શત્રુઓથી આવૃત રહે છે, પરંતુ જેઓ સ્વાર્થનો પરિત્યાગ કરેછે તેઓ સ્વયં પોતાના રક્ષક બનેછે અને તેઓ ચારે બાજુ મિત્રોથી આવૃત રહે છે. વિશુધ્ધ હૃદય મનુષ્યના દિવ્ય પ્રકાશની પાસે સંપૂર્ણ અંધકાર નષ્ટ થઇ જાયછે, અર્થાત્ જ્યારે મનુષ્યના હૃદય પવિત્ર બની જાયછે ત્યારે તેમાંથી સઘળા વિકારો અને કુત્સિત ભાવો અદૃશ્ય થઇ જાય છે. જે મનુષ્યે પોતાની જાતને વશ કરી લીધી છે તેણે આખા જગત ઉપર વિજય મેળવ્યો છે એમ કહેવામાં લેશ પણ અત્યોક્તિ નથી. તેથી તમે પણ તમારી પોતાની ઇંદ્રિયોને તમારે વશ કરી લેશો, તમારા હૃદયને વિશુધ્ધ બનાવી લેશો, તમારી જાત ઉપર આધિપત્ય મેળવશો તો તમારી નિર્ધનતા જતી રહેશે, તમારા સઘળાં દુઃખો દૂર થઇ જશે અને તમારે કોઇ પણ જાતની ફરિયાદ કરવાનું કારણ રહેશે નહિ. બસ, હવે વિલંબ ન કરો, સ્વાર્થપરતાના જીર્ણ ચીંથરાઓને તમારા શરીર ઉપરથી ઉતારી નાંખો અને તેને બદલે સાર્વપ્રેમના સુંદર વસ્રોને ધારણ કરો. એ વખતે તમે તમારા અંતરંગમાં સ્વર્ગીય સુખ અનુભવશો અને તેનું પ્રતિબિંબ તમારા બાહ્ય જીવન ઉપર જરૂર પડશે.

આ ઉપરથી એટલુંજ તાત્પર્ય નીકળે છે કે જે મનુષ્યો અત્યંત દૃઢતાપૂર્વક આત્મત્યાગ અને ઇંદ્રિયનિગ્રહના પંથે વિશ્વાસ રૂપી અવલંબનની સહાયથી હમેશાં વિચરે છે તેઓ સઘળાં કાર્યોમાં વિજય અને સફલતા પ્રાપ્ત કરે છે તેમજ તેઓને ચિરસ્થાયી અને અપરિમિત સુખની પ્રાપ્તિ થાય છે એ નિઃસંદેહ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રાસંગીક સ્ફુરણ.

## ( ચર્ચાપત્ર. )

"આત્માનંદ પ્રકાશ" ના ગત ચૈત્ર-વૈશાખ માસના અંકમાં પ્રસિદ્ધ થએલા "વૈરાગ્ય" શીર્ષક મારા લેખમાંથી એક ફકરો તેના પૂર્વાપર સંબંધમાંથી છુટો પાડી "જૈન ધર્મ પ્રકાશ" ના શાહ કુંવરજી આણંદજી ( તંત્રીએ ) ભાદ્રપદ માસના અંકમાં ઉધ્ધૃત કરી તેના ઉપર કેટલીક વિપથગામી ટીકા કરી છે. ટીકા માટે તંત્રી મહોદયે પસંદ કરેલા ફકરાનો ખુલાસો-જવાબ નીચે પ્રમાણે છે.

મેં રજુ કરેલી ઉપરોક્ત ભાવનાનો જૈન દૃષ્ટિએ ઇષ્ટ ગણેલા વૈરાગ્યનો વિરોધ કલ્પી, તેના સ્વીકાર સામે તંત્રીશ્રીએ "જૈન ધર્મ પ્રકાશ" ના ઉપાસકોને ચેતવણી આપી છે અને તેમ કરવામાં પરોક્ષ રીતે સુચવ્યું છે કે ભય, કલેશ, કંટાળો, અણગમો, ભીરૂતા કે તે કોટીના અન્ય ગમે તેવા કલીષ્ટ ભાવમાંથી પ્રગટેલો નિર્વેદ અને તજ્જન્ય "સંસાર ત્યાગ" એ શાસ્ત્ર-સંમત અને આદર યોગ્ય છે.

* * * *

વિદ્વાન તંત્રીશ્રીએ ઇષ્ટ ગણેલી તત્વસ્વરૂપની એવી એકદેશીય સમજણે આપણા વર્તમાન જૈન દર્શનમાં જેવી વિકૃતિ ઉપજાવી છે, તેટલી અન્ય કશા વડે ભાગ્યેજ થએલી જોવામાં આવે છે. મનુષ્ય જીવનમાં વિરાગનું સ્થાન ક્યાં છે, કઇ દૃષ્ટિએ, કેવા પ્રકારે તે વિરાગ-વૃત્તિ, વ્યક્તિ, સમાજ, દેશ, રાષ્ટ્ર અને વિશ્વના વ્યવહારીક અને પારમાર્થીક શ્રેયનું સાધન બને છે, તેના યથાર્થ વિવેકનો લોપ થઇ, તેના સ્થાને માત્ર એકજ ભાવનાનો અભિષેક થયો છે કે આ સંસાર એ કોઇ પ્રચંડ, ભયાનક, વિશ્વવ્યાપી મહાયંત્રણા છે, જેના ભીષણ ચક્રોની આંટીમાં સમસ્ત યુગ અનંતકાળથી ફસાઇ ગયો છે અને હવે હરકોઇ પ્રકારે તેમાંથી ભાગી છુટવામાંજ સલામતી રહેલી છે. આવી ભાવનાના વિવેકહીન સ્વીકારથી આપણો સમાજ આ કાળે રસહીન, કળાહીન, ઉચ્ચ ભાવશૂન્ય અને નિર્વેદમય બની ગયો છે. એકાંત દુઃખવાદના પ્રચારે આપણને દુઃખી, દીન, હીન, દરીદ્ર અને જ્યાં ત્યાં દુઃખનુંજ દર્શન કરવાવાળા બનાવી મુકયા છે. એક સાપેક્ષ, ખંડ સત્યને અખીલ સત્યરૂપે સ્વીકારવાનું આ પરિણામ છે.

* * * *

શાસ્ત્રવિષયક પ્રાચીન ગ્રંથોમાં વિવિધ પ્રકારની ભાવનાઓના પ્રાધાન્યવાળા અનેક વાકયો મળી આવે છે; પરંતુ તેટલા જ ઉપરથી બુદ્ધિમાનો તેનો સર્વથા સ્વીકાર કરતા નથી. કયા દેશકાળમાં, તે વખતની કઇ પ્રચલીત પ્રબળ ભાવનાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્દેશી તેના પ્રતિકારરૂપે તે વાકયો યોજાએલા હોવા જોઇએ તેનો વિચાર કરી, તેના ઉપર ચઢેલા તે તે દેશકાળની ભાવનાઓના થરને વિવેકના શસ્ત્રવડે દૂર કરી વાસ્તવ, સનાતન, સત્યનોજ તેઓ આદર કરે છે. શાસ્ત્રોના અભ્યાસની સફળતા, શાસ્ત્રીય ભાવનાઓની મૂર્તિઓને સાફ કરી તેના બને તેટલા વિશુદ્ધ સ્વરૂપમાં સમાજના માનસ–ચક્ષુ સમક્ષ રજુ કરવામાં રહેલી છે, નહિ કે પૂર્વાપરના સંદર્ભમાંથી વિખુટા કરેલા એકાદ ફકરાનો શાસ્ત્રોના કોઇ સમન્વયહીન વાકયો સાથેનો વિરોધ કલ્પવામાં.

* * * *

આર્યાવર્તમાં ઉત્પન્ન થએલા સર્વ દર્શનો ઉપર નિર્વેદવાદનો રંગ ન્યુનાધિકપણે લાગેલો છે; પરંતુ જૈન અને બૌદ્ધ દર્શન ઉપર તેનો રંગ અતિ સખ્ત રૂપમાં લાગેલો છે. જૈન અને બૌદ્ધ દર્શન સંબંધે તેમ થવામાં કેટલાંક ઐતિહાસીક કારણો છે. જે કાળે તે દર્શનોનું સ્વરૂપ ૨૪૦૦ વરસ પૂર્વે રચાતું હતું, તે વખતે વૈષ્ણવ સંપ્રદાયની રાસલીલા અને તેના આનુષંગીક ભોગવિલાસનું બાહુલ્ય જનસમાજની નૈતિક ભાવના ઉપર અત્યાચાર કરી રહ્યું હતું. આ વૃત્તિ ઉપર અંકુશ રાખવાની અને તે સાથે પ્રબળ આંદોલન પ્રગટાવવાની તે કાળે અત્યંત આવશ્યકતા હતી. એક ભાવના જ્યારે અંતિમ હદ ( Extreme limit ) ઉપર જઇ અનિષ્ટ ઉપજાવે છે ત્યારે તેને તેના યોગ્ય સ્થાન ઉપર લાવી મુકવા માટે તેનાથી વિરોધી ભાવનાને પણ તેટલીજ અંતિમ હદે રહીને કામ કરવું પડે છે. તે કાળે પણ કાંઇક આ પ્રમાણે બનેલું હતું "ભોગ–વાદની" ભાવના સામે તેટલા જ બળથી "ત્યાગ–વાદ" નું શસ્ત્ર ઉગામવું પડેલું હતું. પરંતુ એક કાળે કારણ વિશેષે યોજાએલા તે શાસ્ત્રના અક્ષરાવશેષો, આજે ત્યાગ–વિરાગની વર્તમાન એકદેશીય ભાવનાનું નિમિત્ત થઈ પડેલા છે. વિવેક દૃષ્ટિ સમજે છે કે સત્ય કોઇ પ્રકારના અંતિમ ભાગ ઉપર નથી, પણ મધ્યમ માર્ગમાં રહેલું છે.

* * * *

સંસાર સુખમય પણ નથી, તેમ દુઃખમય પણ નથી, ઉભયમય છે. આત્મા તેની મોહનીય પ્રકૃતિને અનુસરી સંસારનું સુખદાયકપણું કે દુઃખદાયકપણું અનુભવે છે. વસ્તુ માત્ર ત્યાગવા યોગ્ય પણ નથી. તેમજ નહિ ત્યાગવા યોગ્ય પણ નથી; પરંતુ શાસ્ત્ર, વિવેક, સામર્થ્ય અને સ્વાનુભવની કોટીથી તેવા ત્યાગ–સ્વીકારનો નિર્ણય કરવાનો છે.

* * * *

વળી ત્યાગ કે વિરાગમાં વસ્તુતઃ કશુંજ મહત્વ નથી; પરંતુ જે આંતરિક ભાવનામાંથી તે ઉદ્ભવે છે તેમાંજ મહત્વ અને ગૌરવ છે. ભય, કાયરતા, વિયોગ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપ્રાપ્તિ, વ્યામોહ, આદિ ક્ષુદ્ર લૌકિક નિમિત્તોથી પ્રગટેલો ત્યાગ, વિરાગ, તે તે નિમિત્તોના વિલય સાથેજ વિલીન થઇ જાય છે. જે ઉચ્ચ પ્રેરક ભાવના, ત્યાગ વિરાગની આધાર સ્વરૂપ હોવી જોઇએ, તેજ આત્માના વાસ્તવ કલ્યાણનું યથાર્થ સાધક છે.

* * * *

ત્યાગ વિરાગના આધાર સ્વરૂપ હોવી જોઇતી એવી ઉચ્ચ ભાવનાઓના અભાવને લીધે જ આપણા સંપ્રદાયમાં આજે દયાનંદ, વિવેકાનંદ કે રામતીર્થ જેવા પ્રભાવશાળી મહાજનોનો નિતાન્ત અભાવ વર્તે છે. બાહ્ય આવેષ્ટનને અંતર્ગત વસ્તુ જેટલુંજ મહત્વ આપવાની હદે આપણા સંપ્રદાયનું અધઃ પતન થએલું છે. આ પ્રતિપાદનમાં તંત્રીશ્રીની શાસ્ત્રદૃષ્ટિ દોષનું દર્શન કરતી હોય તો તેમ કરવા તેમને છુટ છે. હું પોતે તેમાં યથાર્થ શાસ્ત્ર દ્રષ્ટિ સાથે કશો વિરોધ જોતો નથી.

* * * * *

તંત્રી મહાશય જૈન શાસ્ત્રના અક્ષર દેહના અનન્ય ઉપાસક છે. એક શ્રદ્ધાવાન ઉપાસક પોતાના ઉપાસ્યથી સ્હેજ વિદુર જતી વૃત્તિને સહી શકતો નથી. તેવી શ્રદ્ધા પ્રકૃતિથીજ પક્ષપાતી હોય છે. તે પોતાના શ્રધ્ધેય શીવાયની અન્ય બાજુને જોઇજ શકતી નથી બીજી પ્રકારની સલાહ પણ તે શ્રદ્ધાની દૃષ્ટિને રૂચતી નથી. આત્માના ઉત્ક્રાન્તિના ક્રમમાં એવી એકાન્તિક શ્રદ્ધા નિર્ભયતાની ભૂમિકા અમુક કાળ પર્યંત ઘણા આત્માઓને આપે છે અને ભિન્નભિન્ન કારણો વડે તેવા કાળનું ન્યૌનાધિકય નિર્માય છે. તંત્રીશ્રી વર્તમાનમાં તેવી એકાન્ત ભૂમિકાને અલંકૃત કરી રહ્યા છે, તેથી તેઓશ્રીના પોતાના શ્રધ્ધેયથી સ્હેજ પણ દુર જતી આલોચના તેમને રૂચિકર ન હોય તેમાં અસ્વાભાવિક કશુંજ નથી. તેમ છતાં મારી તેઓશ્રી પ્રત્યે વિજ્ઞપ્તિ એટલીજ છે કે તેઓશ્રી જેટલો કાળ તેમની હાલની ભૂમિકાને શોભાવી રહે તેટલો કાળ ધૈર્ય પૂર્વક સ્વતંત્ર આલોચના સહી લે કેમકે તેમની હાલની અસહિષ્ણુતા પ્રકૃતિ–ગત નથી, પરંતુ આત્માના ઉર્ધ્વગામી પથની એક વિશિષ્ટ ભૂમિકા ગત છે અને તેમ હોઇને તે ક્ષણીક અને ક્ષમ્ય છે.

* * * * *

અને તેમ છતાં હું મારા લેખોમાં જે કાંઇ લખું છું, તે સર્વથા સત્યજ છે એમ કહેવાનો કે મનાવવાનો દાવો રાખતો નથી, એથી ઉલટું હું એમ માનું છું કે આપણા સર્વની વિચારણામાં સર્વ સ્થાને ન્યુનાધિક, વિકળતા, દોષ અને યુકિત હીનતા રહેલી છે. અખીલ, અખંડ, નિર્પેક્ષ પરમ સત્ય તો પરમાત્મા શીવાય કોઇને પ્રાપ્ત હોઇ શકે નહિ. આપણી મનુષ્યની બુદ્ધિમાં તે પરમ સત્યની એકજ બાજુ પ્રતિબિંબિત થાય છે અને સત્યનુ તે પ્રતિબિંબ પણ આપણા હૃદયની વિશુદ્ધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અધિકારના તારતમ્યાનુસાર પ્રકૃત કે વિકૃત હોય છે. તે ઉપરાંત કોઇપણ મનુષ્ય પોતાના સ્વતંત્ર વિવેક વિના અન્યનો મત આંખો મીંચીને સ્વીકારી લે, તેને હું દુર્બળતા ગણું છું. શાસ્ત્રોનું અધ્યયન અને પરિશીલન પણ મનુષ્યની સ્વતંત્ર વિવેકશક્તિના વિકાસ અર્થે જ છે. કોઇ ખાસ પ્રકારના મંતવ્યો કે શ્રદ્ધેયોમાં આપણને જકડી રાખવા માટે શાસ્ત્રોનું નિર્માણ નથી. આથી જેમની વિવેકબુદ્ધિને મારા અભિપ્રાય સાથે વિરોધ હોય તેમને તે માન્ય રાખવા મારો લેશ પણ આગ્રહ નથી. હું જે કાંઇ લખું છું તે મારા પોતાના અભ્યાસ, અવલોકન અને વિચાર-સ્વાતંત્ર્યના પરિણામરૂપે છે અને તેને પૂર્ણ સત્યરૂપે ન માની લેતાં પાકી કસોટી કર્યા પછી જ સ્વીકારવા મારી પણ ભલામણ છે. ( અધ્યાયી )

# પ્રકીર્ણ નોંધ.

દેવ દ્રવ્યની ચર્ચા હજુ પણ જોસભેર ચાલે છે, તેનું હજીસુધી છેવટ આવ્યું નથી, આવવાના રસ્તા પણ નજીકમાં હોય તેમ બુદ્ધિશાળી મનુષ્યોને જણાતું નથી. દિવસાનુદિવસ નીકળતાં હેન્ડબીલો, બુકો ચર્ચાપત્રોથી આક્ષેપ, વિક્ષેપ અને અશાંતિ વધતી જ જાય છે. જે પવિત્ર પર્યુષણ પર્વોમાં જેમાં કે કેવળ નિર્જરા અને શાંતિનો અવકાશ જ હોય છે, તે દિવસોમાં પણ હેન્ડબીલો, બુકો પ્રકટ કરી ભાષણો કરી, કેટલેક સ્થળે ખળભળાટ થયો હશે. આ પવિત્ર દિવસોમાં હાલમાં ખાંડ સાકરના ભાવ વધી ગયેલા હોવાથી પતાસાં, સાકરને બદલે અશાંતિ ઉત્પન્ન કરનાર ખળભળાટ કરી મુકનાર, દેવ દ્રવ્યની ચર્ચાના બંને પક્ષના હેન્ડબીલો, બુકો વગેરેની ધોધબંધ પ્રભાવના શરૂ હતી. કલ્પસૂત્રના વંચાતા વ્યાખ્યાનમાં તે હેન્ડબીલો વગેરે વહેંચાતા હોવાથી ઘોંઘાટ થતાં તે બધા દિવસોમાં તો તેવા તેવા નવા નવા હેન્ડબીલો વગેરેની ઉલટભેર રાહ જોવાતી હશે અને રસભર વંચાતા હશે અને અત્રે પણ તેમ બન્યું છે. દેવ દ્રવ્યની ચર્ચાના બંને પક્ષકારોએ કૃપા કરી આ આઠ દિવસ તેવી પ્રભાવના ન કરી હોત તો કદાચ ચાલી શકત, પરંતુ તેમને ગમ્યું તે ખરૂં !!!

અત્રે પણ તેવી પ્રભાવના ઘણી જ થઈ છે. વળી સાથે એક માસિકના રા. તંત્રીએ જ્યારે પોતાના વાજીંત્રનો ભાદરવા માસનો અંક શ્રાવણ માસમાં પ્રકટ કરી વહેંચી આપ્યો, ત્યારે અત્રે સમાજના બુદ્ધિશાળી મનુષ્યો જાણી શક્યા કે, આ વખતે પર્યુષણામાં કાંઈ નવીન પ્રભાવના, નવીન ચર્ચા અને નવીન પ્રસંગો ઉપસ્થિત થશે, કારણકે તે તેની આગાહી હતી. દેવદ્રવ્યસંબંધીની આરતિ પૂજાના વગેરેની બોલીની હકીકત ઉપરાંત ઘોડીયા પારણા અને સુપનની હકીકતે જ ખાસ આ પર્યુષણામાં મુખ્ય ભાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધો હતો. એક બાજુના કહે છે કે તે પણ દેવ દ્રવ્યજ ગણાય, ત્યારે બીજી બાજુના જ્યારે તેમાં ફેરફાર થઇ શકે, કેટલેક સ્થળે થયેલા છે વગેરે વગેરે દલીલ મૂકે છે કે ત્યારે સામી બાજુવાળા રીતસર ચર્ચા નહીં કરતાં, તેઓને પુરાવાથી, દલીલથી નહીં સમજાવતાં આવી દલીલ કરનારાઓ દેવદ્રવ્ય શ્રાવક શ્રાવિકાને ખવરાવી દેવા અને પોતે ખાઇજવા માંગે છે, એવી હવા અણુસમજુ લોકોમાં ફેલાવી તેવી દલીલ કરનારાઓને ઉતારી પાડવા માંગે છે, બલ્કે તેવી દલીલ પણ કેમ થઇ શકે ? આ શહેરમાં અમુક અંશે તેવો પાઠ ભજવાણો છે. અમુક મનુષ્ય ખાનગીમાં કેમ બોલે છે, જાહેરમાં શું કહે છે વગેરે વગેરે અમો હવેપછી જણાવીશું, પરંતુ જાહેરમાં જેમ કહેવાણું છે તે જો બરાબર હોયતો બંને મહાત્મા તરફથી દેવ દ્રવ્ય સંબંધી ચર્ચાનું કાંતો છેવટ જલદી આવવું જોઈએ, કાંતો ચર્ચા બંધ પડી તેની હાલ શાંતિ થવી જોઇએ; તેવી શું હકીકત છે તે સમાજ જાણવાને સ્વાભાવિક ઇંતેજાર હોયજ તોતે હવેપછી જણાવીશું.

* * * * * * * *

અમારા માનવંતા ગ્રાહકોને આ માસિકના સત્તરમા વર્ષની ભેટની બુક "શ્રી દેવભક્તિમાળા પ્રકરણ" નું રૂા. ૧-૮-૦ નું વી. પી. કરી દરેક ગ્રાહકોને મોકલવાનું કાર્ય શરૂ થઇ ચુકયું છે. માસિકનું વી. પી. રૂા. ૧-૫-૦ કરવાનો ધારો છતાં આ સપ્ટેમ્બર માસથી પોસ્ટ ખાતા તરફથી વી. પી. રજીષ્ટરથી મોકલવું તેવો ધારો થયેલ હોવાથી રજીષ્ટર ફીના રૂ. ૦-૨-૦ બે આના તથા ભેટની બુક દસ ફારમને બદલે આ વર્ષે પચીસ ફારમની થયેલ હોવાથી વધારાના પોસ્ટ ટીકીટ રૂા. ૦-૧-૦ એક આનો મળી રૂ. ૧-૮-૦ નું વી. પી. કરવામાં આવેલ છે. આવી કાગળ અને છપાવવાની સખ્ત મોંઘવારી છતાં જૈન બંધુઓને વાંચનનો વિશાળ લાભ આપવાની ખાતર જેમ માસિકનું લવાજમ વધાર્યું નથી તેમ ભેટની બુક પણ દર વર્ષ કરતાં વધારે મોટી આપવામાં આવેલ છે જેથી તેની કદર કરી દરેક સુજ્ઞ ગ્રાહક તે વી. પી. સ્વીકારી લેશે એવી વિનંતિ છે.

* * * * * * * *

**પૂજ્ય સાધુ સાધ્વી મહારાજ, અમારા માનવંતા સભાસદો અને આ માસિકના વાચકવર્ગ વગેરે.** દરવર્ષે અમારા તરફથી ક્ષમાપનાના પત્રો (કંકોત્રીઓ) બ્હોળા પ્રમાણમાં આપ સર્વેના ઉપર મોકલવામાં આવતા હતા. પરંતુ તે બાબતમાં થતો કેટલોક ટાઇમ અને પૈસાના વ્યયને બાજુએ મૂકી આ માસિકમાં ક્ષમાપના માટે એક લેખ આપી આપ સર્વે પ્રત્યે તે પ્રકારનું અમારૂં કર્તવ્ય બજાવ્યું છે. અને દર વર્ષે હવે તેમ કરવામાં આવશે. દરેક જૈન બંધુઓને પણ અમારી નમ્ર વિનંતિ છે કેઆવીરીતે થતો પૈસાના વ્યયનો ઉપયોગ આપણા સિદાતા બંધુઓની ઉન્નતિ અર્થે દર વર્ષે કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન–સુધારણાના સન્માર્ગો.

## પ્રત્યેક કુટુંબમાં અવશ્ય રાખવા અને વાંચવા લાયક અત્યુત્તમ લેખનો સંગ્રહ

**પ્રયોજક—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.**

જીવનમાં નવીન ઉત્સાહ રેડનાર, નવીન ચૈતન્ય જગાડનાર, અપૂર્વ આનંદ અને શક્તિ પ્રેરનાર તેમજ માનસિક શક્તિઓનો અજબ વિકાસ કરનાર ઉમદા સદ્વિચારોથી ભરપૂર આ પુસ્તક પ્રત્યેક સ્ત્રી પુરૂષને સ્વપરહિત સાધવામાં અમૂલ્ય સાહાય્ય આપનાર થઇ પડે તેમ છે. આમાં નિર્દિષ્ટ કરેલા સન્માર્ગો જાણી જીવનયાત્રા સફળ કરવા જરૂર મંગાવો. કિં. રૂા. ૧।।

મળવાનાં ઠેકાણાં:—

(૧) શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.
(૨) જીવનલાલ અમરશી મહેતા
પીરમશાહ રોડ—અમદાવાદ.

---

## જૈન બંધુઓને ખાસ સૂચના.

આપણા મંદિરોમાં ઉપયોગમાં આવે તેવી શુદ્ધ વસ્તુઓ જેવી કે–કેસર, કસ્તુરી, અમ્બર, બરાસ, મોમ્બાઇ, ગોરૂચંદન, શીલાજીત, સોના–ચાંદીના પાના, દશાંગી ધુપ, અગરબતી વગેરે માલ કીફાયત ભાવે મળશે. ભાવને માટે પ્રાઇસ-લીસ્ટ મંગાવો. શા. ફૂલચંદ ગોપાળજી, હેરીસ રોડ—ભાવનગર.

---

## આ સભામાં નવા દાખલ થયેલાં માનવંતા સભાસદો.

### પહેલા વર્ગના લાઇફ મેમ્બર.

૧ શેઠ ઝવેરભાઇ રામજી રે. ઉમરાળા હાલ મુંબઇ.

### બીજા વર્ગના લાઇફ મેમ્બરો.

| | |
|---|---|
| ૨ શાહ ન્યાલચંદ જાદવજી ઘાટકોપર | મુંબઇ. |
| ૩ શાહ મોહનલાલ ખોડીદાસ | મહુવા–હાલ મુંબઇ. |
| ૪ દેશાઇ નરોતમદાસ ખીમચંદ | બોટાદ. |
| ૫ શાહ કેશવલાલ લક્ષ્મીચંદ | ભાવનગર. |
| ૬ પારેખ ચુનીલાલ દુર્લભદાસ | ” |
| ૭ શાહ હરજીવનદાસ કરસનજી | ” |
| ૮ શાહ અમૃતલાલ ગીરધરલાલ | ” |

### પેo વાર્ષિક મેમ્બરો

| | |
|---|---|
| ૯ શાહ નાગજીભાઇ કેશવજી દલાલ | મુંબઇ. |
| ૧૦ ગોશલીયા પોપટલાલ નારણજી | માંગરોળ. |
| ૧૧ પારેખ વૃજલાલ ઉજમશી | ભાવનગર. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાશ્રયી મનુષ્ય.

સ્વાશ્રયી મનુષ્ય મિત્રો, સબળ ઓળખાણ, મિલ્કત, પદવી અથવા કોઇપણ પ્રકારની સાહાય્ય વગર ચલાવી શકે છે. સ્વાશ્રયથી વિઘ્નો અથવા મુશ્કેલીઓ દૂર કરી શકાય છે, પરાક્રમ ભરેલાં કાર્યો બજાવી શકાય છે, મહાન શોધ ખોળોની પૂર્ણતાએ પહોંચાય છે. એવું અન્ય માનુષી ગુણથી થવું અશક્ય છે. જે મનુષ્ય જગત્માં એકલો ઊભો રહી શકે છે, જેને મુશીબતોનો ડર નથી અને જેને પોતાની અંદર રહેલાં કાર્ય કરવાના નૈસર્ગિક બળમાં સંપૂર્ણ દૃઢ શ્રદ્ધા છે. તેજ માણસ પરિણામે વિજયી નીવડે છે. એમાં જરા પણ સંદેહ નથી.

અનેક માણસોનું વજન લેકોમાં ઘણું ઓછું પડે છે તેનું એક કારણ એ છે કે તેઓ કાર્યો કરતાં ડરે છે, અથવા તો તેઓને આત્મબળની પૂરેપૂરી ખાતરી હોતી નથી. તેઓ સ્વત વિચારો કરવાની અને અમુક નિશ્ચય પર આવવાની હિંમત કરી શકતા નથી. તેઓ પોતાના વિચારો પ્રકાશમાં મૂકવાની હિંમત કરે છે તે પહેલાં તેમને ઉક્ત વિચારો સ્વીકાર્ય છે કે નહિ એ અન્ય લોકોદ્વારા જાણવા મથે છે; અને છેવટે તે વિચારો પ્રકાશમાં મૂકાયા પછી તેમને એમજ જણાય છે કે તેઓના વિચારો તમારા વિચારોનું પ્રતિબિંબ અથવા રૂપાંતર માત્ર છે.

જ્યાં સુધી આપણા વિચારો તેના જાણવામાં આવતા નથી, ત્યાં સુધી બીજા લોકો વિરૂદ્ધ પડશે અને તેઓને ખોટું લાગશે એવી બીતિથી જે મનુષ્ય પોતાના આંતરિક વિચારો પ્રદર્શિત કરવાની હિંમત કરતો નથી તે તિરસ્કારને પાત્ર બને છે; પરંતુ પોતાની આસપાસના માણસોની સંકુચિત દૃષ્ટિની સીમા બહાર જે મનુષ્યનું નિશાન આવી રહેલું છે અને જેનામાં સ્વતઃ પોતાનો માર્ગ કરી લોક ચર્ચાની દરકાર કર્યા વગર કર્તવ્ય પરાયણ રહેવાની હિંમત છે તે પુરૂષ સત્કારને પાત્ર બને છે, અને તેનું જીવન પણ અનુકરણીય અને દૃષ્ટાંત રૂપ બને છે. આવા વિચક્ષણ પુરૂષને હતાશ થવાનો કદિ પણ પ્રસંગ આવતો નથી; કેમકે તે સારી રીતે સમજતો હોય છે કે માત્ર દીર્ઘદર્શીય જનોનેજ તેનું નિશાન દૃષ્ટિગમ્ય છે; અને જો તે નિશાન વધારે દૂર રાખશે તો તે સ્થળ સુધી તેની આસપાસ રહેલા ઘણાખરા લોકોની દૃષ્ટિ પહોંચી શકશે નહિ."

"જીવન—સુધારણાના સન્માર્ગ."

For Private And Personal Use Only